# પ્રકરણઃ ૩

# અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું કાવ્યવિશ્વ

"કેમ છે ? મેં પૂછ્યું

હસીને એ બોલ્યા  જીવું છું હજી"

---- અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

'કિંમપી' કાવ્યસંગ્રહ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનો ઈ.સ.૧૯૮૩ માં પ્રકાશિત થયેલો એક માત્ર મરણોત્તર કાવ્યસંગ્રહ છે. જેમાં તેમના મૌલિક અને અનુવાદિત કાવ્યો સંગ્રહિત થયા છે. નલિની બ્રહ્મભટ્ટે નિવેદનમાં નોંધ્યું છે કે "આ સંગ્રહનું શીર્ષક એમણે જ નક્કી કરેલું. તેમના મળી શક્યા તે સર્વ કાવ્યો અહીં વિના કાંટ છાટ રજૂ કર્યા છે. સંભવ છે કે તેઓ હયાત હોત તો આમાં લીધેલાં કેટલાંક કાવ્યો સંગ્રહ માટે પસંદ નયે થયા હોત. કાવ્યોની ગોઠવણીમાં તથા પુસ્તક તૈયાર કરવામાં શ્રી ચંદ્રકાન્ત શેઠની તેમ જ અનિરુદ્ધના કાવ્યો સામયિકોમાંથી મેળવી તેની સુંદર પ્રેસનકલ તૈયાર કરી આપવામાં શ્રી યોગેશ જોષીની મદદ મળી છે તેનો કૃતજ્ઞભાવે ઉલ્લેખ કરું છું."[૧] આમ જોઈએ તો અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ પોતાના કાવ્યો સામયિકોમાં લખતા જે 'કિંમપી' માં પ્રગટ થયા છે. આ કાવ્યસંગ્રહમાં છાંદસ, અછાંદસ, ગીત, હાઈકુ, મુક્તક, દીર્ઘકાવ્ય જેવા સ્વરૂપોમાં તેમનું ભાવવિશ્વ અંકિત થયું છે. આ કાવ્ય સંગ્રહમાં માત્ર મૌલિક જ નહીં પરંતુ તેમને કરેલા વિશ્વના તેમજ ભારતીય કાવ્યોના અનુવાદો પણ સંગ્રહિત થયા છે. સંગ્રહમાં પ્રકૃતિ, પ્રેમ, મૃત્યુ જેવા વિષયો ઉપરાંત આધુનિક માનવીય સંવેદનને અભિવ્યક્ત કરતા કાવ્યો પણ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના કાવ્યોમાં સ્થાન પામ્યા છે. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની કવિ તરીકેની કારકિર્દીની વાત કરતા ચન્દ્રકાન્ત શેઠે નોંધ્યું છે કે,"તેમણે પ્રકૃતિ અને પ્રણયના રાગાત્મક, રોમેન્ટિક લાગે એવા કાવ્યોથી પોતાની કવિ તરીકેની કારકિર્દી આરંભી" ૨ (પૃ. ૦૮ ) ચન્દ્રકાન્ત શેઠનું આ અવલોકન યથાર્થ છે એમ કહેવું ઉચિત જણાય છે. એની પાછળના કારણ રૂપે જોઈએ તો ઈશ્વર અને મૃત્યુ જેવા વિષયો પર જે કવિતા રચાઇ છે એ તેમના જીવન સાથેનું અનુસંધાન એમાં અનુભવાય છે. એટલે કે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના જીવનનો ઉત્તરાર્ધ જીવન સાથેના સંઘર્ષનો રહ્યો છે એટલે એ સમયગાળા દરમ્યાનની કવિતામાં રોમેન્ટિક કાવ્યો રચવાની કોઈ ભૂમિકા જણાતી નથી. ગુજરાતી સાહિત્ય તરફ નજર કરીએ ત્યારે જોઈ શકાય કે મોટા ભાગના કવિઓની આરંભકાલીન રચનાઓમાં રોમેન્ટિક તત્ત્વ જ ખાસ જોવા મળ્યું છે. યુવાન વયને લીધે એ પ્રકારના કાવ્યો મળે એ પણ સહજ છે અને ત્યાર પછી જીવન-જગતના ખ્યાલો બદલાતા

કાવ્યના વિષયો બદલાય એ પણ સહજ છે. આમ, તેમની  રોમેન્ટિક ભાવયુક્ત કાવ્યો આરંભિક તબક્કામાં લખાયા હોવાના  ચંદ્રકાન્ત શેઠના અવલોકનનો સ્વીકાર કરીને તેમની રોમેન્ટિક ભાવયુક્ત કવિતાની પ્રથમ સમીક્ષા કરીએ અને ત્યાર બાદ પ્રકૃતિ વિષયક કવિતાની સમીક્ષા કરીએ. તેમના આ સંગ્રહમાં આમ તો ઘણાં એવા કાવ્યો છે જેમાં  પ્રકૃતિનો સંસ્પર્શ અનુભવાય છે.  જુદાં જુદાં મનોભાવો પણ તેમની આ પ્રકૃતિ કવિતામાં વણાયા છે.  મૃત્યુનું સંવેદન વ્યક્ત કરતી કવિતા, ઈશ્વર વિષયક કવિતા અને કેટલીક કવિતાઓમાં ભાષા, અભિવ્યક્તિ વિષય સંદર્ભે અનુભવાતી આધુનિકતા એમ વિષય સંદર્ભે વર્ગીકરણ કરીને સમીક્ષા કરી તેમના કાવ્યોમાં સ્પષ્ટ થતાં કાવ્યવિશેષોને અંકિત કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

## ૩.૧. રોમેન્ટિક ભાવયુકત કવિતા

રોમેન્ટિક કહી શકાય એવી કવિતાઓ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટે લખી છે. અગાઉ જોયું તેમ આ પ્રકારની કવિતાઓ કવિ તરીકેની કારકિર્દીના આરંભના ગાળામાં લખાઈ છે. પણ ચાર -પાંચ કવિતાઓ રોમેન્ટિકના માળખામાં બેસે એવી છે. આરંભના ગાળામાં એટલે સમજી શકાય કે જ્યારે યુવાની અવસ્થા હશે ને આવા કાવ્યો લખાઈ ગયા હશે એમ બને. આ પ્રકારની કવિતાઓ જોઈએ તો તેમાં બોલીએ જરી !, તું, આજ-૨, ગમે, જેવી કવિતાઓ ધ્યાન ખેંચે છે.

### બોલીએ જરી!

આ કાવ્યમાં કવિના રોમેન્ટિક ભાવો ભળેલા છે. કાવ્યમાં પ્રિયતમા સાથેનું મિલન અને પ્રિયતમાની લજ્જાળું આકૃતિ ઉપસાવી જરા બોલવાની વાત પ્રેમપૂર્વક કરી છે. કાવ્યની પેહલી જ પંક્તિ જોઈએ જેમાં ખ્યાલ આવે કે પ્રિયતમ જાણે પ્રિયતમા સામે ઉભો છે અને હ્રદય ભાવો વ્યક્ત કરી રહ્યો છે.

" બોલીએ જરી!

અધબિડાયલી મંજરી જેવી આંખને ગોરી,ખોલીએ જરી!" ( પૃ. ૬૯ )

આવી એક રોમેન્ટિકભાવયુક્ત રાજેન્દ્ર શાહની કવિતા જેમાં કવિ કહે છે

" બોલ રે ફરી બોલ

અરધે બોલે અરવ શાને?

ગુંજતું ગળું ખોલ

બોલ રે ફરી બોલ"[૫]

અર્ધું બોલી શાંત થતી કોઇ પ્રિયતમાને ગળું ખોલવાની વાત રાજેન્દ્રશાહ કરે છે. એવો જ રોમેન્ટિક ભાવ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની આ કવિતામાં અનુભવાય છે. કવિ 'બોલીએ જરી' અહી જરાક બોલવાની વાત છે. પ્રિયતમાનું -પ્રિયતમ સાથેનું મિલન અને તેને લીધે કદાચ પ્રિયતમા મૌન છે. આખો પણ લજ્જાથી ઢળેલી હશે એટલે જ કવિ આંખોને જરીક ખોલવાની વાત કરે છે. કવિને પ્રિયતમાની આંખો અધબીડાયેલી મંજરી જેવી લાગે છે. કવિનું ગોરી કહીને સંબોધવું રોમેન્ટિક ભાવે રજૂ થયું છે. આગળ કવિએ જે વાત કરી છે તારા રૂપનો આટલો ભાર તારો નમણો દેહ ઉઠાવે છે એ ઓછું છે તો તારા કોમળ હોઠને મૌનનો ભાર વહેવો પડે? આ આખીય વાતમાં કવિએ પ્રિયતમાના રૂપ,નમણો દેહ, કુમળા હોઠની વાત નજાકતથી વણી લીધી છે. એક તરફ પ્રિયતમાનું મૌન ડંખે છે પણ આક્રોશ નથી. વાત વાતમાં પ્રિયતમાના સૌંદર્યને વર્ણવ્યું છે. આગળ કવિએ પેલીની શરમાળ વૃત્તિને પણ સહજતાથી પકડી છે. જે ભાવ આગળની પંક્તિઓમાં રજૂ થયો છે.

" શીદ રમાડવો પાલવ કેરો છેડલો ગોરી, અંગુલીને કહો,

બસ હવે તો રણઝણાવે મન મૂકી પેલા દિલરૂબાના તાર!" ( પૃ. ૬૯ )

પ્રિયતમાનું પાલવનો છેડો પકડી રમડાવો એ શરમાળપણાના ભાવનું સૂચક છે. એટલે પ્રિયતમાને એ બધું છોડી દઈને મન મૂકી દિલરૂબાના તાર રણઝણાવાનું કહે છે. પ્રિયતમ- પ્રિયતમાનું મિલન અને એમાં પ્રિયતમાનું મૌન પ્રિયતમને કઠતું  નથી એટલે મન મૂકીને આ ક્ષણોને માણી લેવાનો ભાવ વ્યક્ત કર્યો છે.

**તું-**

કાવ્યમાં કવિનો રોમેન્ટિક ભાવ અનુભવાય છે. કાવ્યની આરંભની પંક્તિઓમાં જ કવિનો રોમેન્ટિક ભાવ અભિવ્યક્ત પામ્યો છે.

" સાવ રે ઘેલી !

અડધી અડધી થાય જોતાં મુજને,

તોય તારા બે હોઠ રહે નિત આવતા ઓલ્યા સ્મિતને ઠેલી" ( પૃ. ૭૦ )

કાવ્યમાં કવિ પ્રિયતમાને ઘેલી કહે છે અને પોતાને જોઈને અડધી અડધી થઈ જતી પ્રિયતમાં સ્મિતને હોઠ પર આવતા રોકે છે જે કવિને કઠતું નથી. પછીની પંક્તિમાં કવિ કહે છે,

" આપણે તો પ્રિય સાચું પૂછોતો, મારગે મળ્યાં એટલો નાતો

તેથી જ કે પેલો સાગર ઘેલો હોઠ અડી અડી જાય રેલાતો

તોય જાણું તારાં નેણ દુવારે વાત જોતી કંઈ કેટલી વાતો

આવી આવી ઊભી નિત છુપાઈ પાંપણ કેરી ભીંત અઢેલી !" ( પૃ. ૭૦ )

આપણે તો સાચું પૂછો તો રસ્તે મળ્યા એટલો જ સંબંધ છે. પણ હું જાણું છું કે તારી આંખો કેટલીય વાતોની વાટ જોઈ રહી છે જે આવી આવીને પાંપણ કેરી ભીંત પાછળ છુપાઈ જાય. કવિએ પ્રકૃતિને પણ સરળ રીતે વણી લઈ પ્રેમ ભાવો વ્યક્ત કર્યા છે.  નજરૂના ફુલનો ઉભી વાટમાં રંગ-પરાગ વેરાયેલો કવિને લાગે છે. કોઈ કહે મને કે તારા માર્ગમાં વૈશાખનો વંટોળ ઘેરાયો, ધૂળ ઉડે છે આભમાં, જેઠ તપી રહ્યો છે. પણ કવિ કહે છે એની મને શી વિસાત હોય'તું જ મળી જ્યાં પાવસ હેલી' પ્રિયતમા હેલી સમાન લાગે. કોઈ પણ પરિસ્થિતિ ઊભી થાય પણ પ્રિયતમને મન એની  કોઈ વિશાત નથી.

## ગમે

આ કાવ્યમાં ઉરને શુ ગમે એ ભાવને સાધ્યો છે એટલે કવિના ઉરના ઉમળકાની આ કાવ્યમાં અભિવ્યક્તિ સધાય છે એમ કહેવું ઉચિત જણાય છે.

" ઉરને મારા આજ તો એના પ્રીત-પરાગે

ફૂલ બની બસ ફોરવું ગમે" ( પૃ. ૭૨ )

કવિના ઉરને પ્રીત-પરાગે ફૂલ બનીને ફોરવું ગમે છે. પણ એવું બનતું નથી. કઈક જુદી પરિસ્થિતિ ઉભી થાય છે. જે ભાવ ત્યાર પછીની પંક્તિમાં અનુભવાય છે .

"   તોય જુઓને –

દૂર રહી અનુરાગની વાતો, પણ

બગાડેલ હોય ને એનું કઈક ગયે ભવ

એમ એ નફ્ફટ યાદને એની કીટ બની

બસ, રાતને 'દિ એને કોરવું ગમે!" ( પૃ. ૭૦ )

કવિ જાણે કોઈ અન્ય સાથે પ્રિયતમાની વાત કરતાં હોય એ રીતે કાવ્યની માંડણી કરે છે. કવિના ઉરમાં આજે તેના પ્રીત પરાગમાં ફૂલ બનીને ફોરવાની ઈચ્છા છે પરંતુ પ્રેમની વાતો તો દૂર રહી જાય છે. જાણે ગયા જન્મમાં એનું કઈ બગાડ્યું હોય તેમ તેની યાદો કીટ બનીને રાતને દિવસ હદયને કોરી ખાય છે. કવિએ યાદોને નફ્ફટ કહી છે. જેમાં તેમનો પ્રેમભાવ જ ભળેલો વર્તાય છે.

## યાદ છે ને?

કાવ્યમાં જાણે પ્રિયમાને ભૂતકાળની યાદ અપાવતા હોય એવી શૈલીમાં રોમેન્ટિક પ્રણય ભાવો વ્યક્ત કર્યા છે. યાદ છે ને? કવિ આ પ્રશ્ન પછી પ્રિયતમાને એક પછી મધુર પળોની યાદ અપાવે છે. સાથે સાથે એ સમયમાં પ્રિયતમાના હ્દયની સ્થિતિને પણ અંકિત કરી છે. આરંભની પંક્તિઓ જોઈએ,

"- યાદ છે ને ?

ગ્રીષ્મ તો ચાલી ગઈ'તી

ને તૃષાતુર ધરાની વાત છાની સાંભળીને

હેતથી ભીંજાવતી વર્ષા, પ્રિયે, આવી ગઈ'તી

તે સમે-ઉપર ઝળુંબ્યું મધુર આકાશ,

ભટકેલ વાયુની મજાની લ્હેરખીના સંગમાં

ઝોલે ચઢ્યું તું ઘાસ – " (પૃ.૪૪)

પ્રથમ મિલનની વેળાના વાતાવરણની પ્રિયતમ પ્રિયતમાને યાદ આપે છે. ગ્રીષ્મ ચાલી ગયેલી અને વરસાદની આતુરતાથી રાહ જોઈ રહેલ ધરતીની વાત સાંભળીને વર્ષા હેતથી ભીંજવતી હતી, આકાશમાં મધુરતા ભરેલી હતી અને ભટકેલ વાયુ સાથે ઘાસ ઝોલે ચઢ્યું હતું એવા સમયે ઝરૂખા પર

કોઈ યક્ષ કન્યા માફક તું ઝરૂખો શોભાવતી હતી. તારી આંખો ચંચળ બનીને વાદળો સાથે આમતેમ દોડતી હતી. કવિ પછી પ્રશ્ન કરે છે આવી આહલાદક પળોમાં તારી આંખોમાં અને વાદળમાં કયા રંગો પુરાયા હતાં. કઈ ખોવાયું નહોતું તારું છતાં કઈક શોધી રહ્યાનો ભાવ તારા ચેહરા પર હતો. પણ તને કયા ખબર હતી કે એ સમયે કોઈ અજાણી વ્યક્તિની નજર તારા અર્ધ ઝૂકેલા દેહને નફ્ફટ બનીને ઢંઢોળતી હતી. એ વખતે અધીરી બનીને તારી દ્રષ્ટિ કેરા દોરની ગોફણમાં સૃષ્ટિને ફંગોળતી હતી, ત્યાં જ અચાનક આપણી દ્રષ્ટિ એકાએક મળી હતી અને પછી ઢળી ગઈ હતી. આ બધુ તને યાદ છે પ્રિયે. આમ પ્રિયતમાં સાથેના પ્રથમ મિલનની પળોને કવિએ યાદ કરે છે. આમ સાવ સરળ રીતે આખીય વાતને પરોવી છે.

**આજ -૨**

કાવ્યમાં જોઈએ તો કવિએ નાયિકાની આંખના આભ જુવે ને એના અતલ ઊંડાણમાં કઈક શોધતા પોતાનું હદય ખોઈ બેસે છે. ઉરના તારા મુક બપૈયાને ગુંજવા પ્રિય ગીત મૌન ભારે નથી તોય મૂંઝાવું. આ પ્રીતની કેવી રીત. મારું ભમતું મનડું તો અલી મેઘધનુષના રંગે મોહયું છે. અષાઢી મેઘ તો દૂર ગોરંભાઈ રહ્યો છે તો તારા નમણા નેણ પર આવડો બધો ભાર શેનો છે?

આમ, ઉપરોક્ત કેટલીક રચનાઓ જોઈએ તો કવિહૃદયમાં પ્રેમની ઝંખના અનુભવી શકાય એવી છે. પ્રિયતમાની શરમાળ વૃત્તિ, એના મૌનને કાવ્યનો વિષય બનાવી રોમાંચક રીતે અભિવ્યક્તિ સાધી છે.

## ૩. ૨. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની કવિતામાં પ્રકૃતિ

અર્વાચીનકાળથી જ જોઈએ તો ગુજરાતી કવિતામાં પ્રકૃતિ વણાયેલી છે. ક્યારેક પ્રકૃતિનું સૌંદર્ય તો ક્યારેક પ્રકૃતિનો પ્રતીકાત્મક સ્તરે વિનિયોગ થયો છે. એવીજ રીતે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના ઘણા કાવ્યોમાં પ્રકૃતિ વણાયેલી છે. પ્રતીકાત્મક રૂપે, તો કેટલાક કાવ્યોમાં માનવભાવોને વ્યક્ત કરવા પ્રકૃતિનો વિનિયોગ થયો છે. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટને પ્રકૃતિનું ઘણું આકર્ષણ રહ્યું છે, પ્રકૃતિ સાથેનો અનુરાગ તો ક્યારેક વિછિન્ન થતી પ્રકૃતિની વેદના પણ તેમના કાવ્યોમાં અનુભવી શકાય છે. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના પ્રકૃતિ વિષયક કાવ્યો જોઈએ તો સૂરજ, શો પવન, પવન, ચાંદની, એ આવે, વહંત જલ, આખી રાત જેવા કાવ્યો મળે છે જેમાં પ્રકૃતિના વિવિધ તત્ત્વોની અનુભૂતિને શબ્દસ્થ કરી છે. જેમાં કવિનો પ્રકૃતિપ્રેમ તો વણાયો છે સાથે કવિની પ્રકૃતિને જોવાની દ્રષ્ટિનો ખ્યાલ મળી રહે.

### સૂરજ

કાવ્યમાં પ્રકૃતિના વિવિધ તત્ત્વો પર સૂરજની પ્રતિતીને આહ્લાદક રીતે રજૂ કરી છે. સૂર્યોદય તો સહજ ઘટના છે. સૂર્યના કિરણો પૃથ્વી પર અવતરણ કરે ને પ્રકૃતિ પર ઝીલાય એ ક્ષણોને કવિએ પકડી છે. દરિયાથી માંડીને નવપરિણીતના શયનાગારે ચાંદરણું થઈ ઝુકવાની સૂરજની ગતિવિધિ એક આહલાદ્ક મનોરમ્ય સૃષ્ટિ ખડી કરી જાય છે. 'સૂરજ' કાવ્યની પંક્તિઓ જોઈએ,

" સૂરજ રમતો ભમતો ઊગ્યો

ઊગ્યો એવો દરિયો થઈને તેજલરંગે છલક્યો

ને વકન્યાના કેશકલાપે

આવળિયાનું ફૂલ થઈને મલકયો ” ( પૃ. ૩૯)

સૂરજનું રમતા ભમતા ઉગવું એમાં ઉલ્લાસ છે, આનંદ છે. દરિયા પર થતી તેની તેજલ રંગોભરી અસરને કવિએ અનુભવી છે. વનકન્યાના કેશકલાપે આવળિયાનું ફૂલ થઈને મલકવું, ફૂલ પરથી પવન બની છૂટવું, નવજાત પંખીની ચાંચે સૂર બનીને ફૂટવું, વૃક્ષની ડાળ પણ માળો બની ઝૂલવું, ઘુવડની આંખો શોધી અંધારામાં ભૂલા પડવું, નવપરિણીતના શયનાગારે ચાદરણું થઈ ઝુકવું. આ પ્રકૃતિના તત્ત્વો પર સૂરજની અસરને કવિએ શબ્દસ્થ કરી છે. અહીં મણિલાલ દેસાઈના એક કાવ્યનું સ્મરણ થાય. તેમની કાવ્ય પંક્તિ છે, ‘ડાંગરના ખેતરમાં તડકો રોજ સવારે ઝૂલે ડાંગર થઈને. ત્યાં ‘તડકો’ છે અહીં ‘સૂરજ’ છે. કવિએ જે પ્રાસ મૂક્યા છે તેમાં પણ એક ઉલ્લાસની અનુભૂતિ થાય છે. છલકયો-મલકયો, છૂટ્યો-ફૂટ્યો, ઝૂલ્યો-ભૂલ્યો, મૂકયો-ઝૂક્યો જેવા પ્રાસ કાવ્ય સૌન્દર્યમાં વધારો કરે છે જેની પ્રતીતિ થાય છે. સૂરજ ઊગવાથી સવાર કેવી રીતે થતી કવિ અનુભવે છે. એક અનુભવનું વિશ્વ અહી રચાતું પ્રતીત થાય છે. કવિના આ ઇન્દ્રિયગમ્ય અનુભવો કાવ્યમાં રમ્ય બનતા જાય છે, ઇન્દ્રિયગમ્ય અનુભૂતિની આ અભિવ્યક્તિ છે. તેમની કવિત્વ શક્તિનો ઉત્તમ સંસ્પર્શ આ કાવ્ય પામે છે.

## શો પવન

કાવ્યમાં પવનની લીલાનું રૂપ આકારિત કર્યું છે. કવિએ પવનની નાયકરૂપે અને ધરતીની કોઈ મુગ્ધ કન્યારૂપે કલ્પના કરી છે. સાથે કોઈ દગ્ધ વિરહીની પર એની શુ અસર થાય છે એવી રોમાંચક કલ્પના કરી છે. કવિની કલ્પનામાં રહેલું રોમાંચનું તત્ત્વ અહીં આહ્લાદક અનુભૂતિ પમાડે છે.

“ શો પવન

ઊષર હૈયું પણ બે ઘડી થાતું,ખરે, ઉપવન!

ધીરે ધીરે બસ આવતો

મલકાવતો વનવેલીઓ

છલકાવતો ફૂલડાંકટોરી

ને મુગ્ધ કો કન્યા સમી શરમાળ

ભીની ધરાના અંગ પરથી

( છેલ-શો નફ્ફટ બની ) ઉડાડતો

કોળી ઉઠેલા ઘાસનું લીલું ગવન!" ( પૃ. ૩૭ )

કોઈ પ્રિયતમાને મળવા જતા નફ્ફટ પ્રિયતમ સમો પવન કવિએ કલ્પ્યો છે. આ પવન આવવાથી ઊષર હૈયું પણ ઉપવન બની જાય છે. 'બે ઘડી 'શબ્દ કવિએ પ્રયોજયો છે. પવન તો આવીને વહી જાય એમાં સ્થિરતા નથી, એટલે આ પવન છે એ કઈ ઋતુનો પવન હશે? એ પ્રશ્ન થાય. જેનો ઉત્તર પછીની પંક્તિમાં મળી રહે છે. જ્યાં કવિ કહે છે 'ધીરે ધીરે બસ આવતો' આ કોઈ ઉનાળાનો પવન ન હોઈ શકે. પવનનું ધીરે ધીરે આવવું એ સમય સૂચક પણ છે. વરસાદ પડી ગયા પછીનો આ પવન છે. અને નાયકની દ્રષ્ટિએ જોઈએ તો એનું ધીરે ધીરે આવવું પણ કોઈ પ્રેમિકાને મળવા જતી વેળાની ક્ષણોનું દ્રશ્ય પ્રતીત થાય છે. બધુ વેરાન કરી નાખતો પવન નથી. તેની ગતિ ધીમી છે. જેમ કોઈ પ્રિયતમ નાયિકાને મળવા જાય ત્યારે તેની ગતિમાં પણ મંદતા હોય છે. વનવેલીઓ મલકાવી દેવી, ફૂલડાંકટોરીઓ છલકાવી દેવી. કવિએ પવનને નફ્ફટ ભલે કહ્યો પણ તેના આવવાથી પ્રકૃતિ (વનવેલી ) મલકાઈ ઉઠે છે. કોઈ કન્યા જેમ પ્રિયતમના આગમનથી મલકાઈ ઉઠે છે તેવીજ અસર વનવેલીઓ પર થતી જોવા મળે છે.

આ વનવેલીઓ પ્રિયતમાની સખીઓ સમી આપણે પ્રતિત થાય છે જાણે કે ફૂલડાં કટોરીઓ લઈને સ્વાગત કરવા ઉભી હોય. ને મુગ્ધ કન્યા સમી શરમાળ એવી ભીની ધરાના અંગ પરથી ઉડાળે છે કોળી ઉઠેલું ઘાસનું લીલું ગવન. કવિની કલ્પના મનોરમ્ય છે. ભીની ધરાને મુગ્ધ કન્યાની ઉપમા આપી છે. પવન ધરતીરૂપી કન્યાનો ઘૂંઘટ ઉઠાવતો હોય એવું પણ અનુભવાય છે. પ્રકૃતિને ઉદ્દીપન વિભાવરૂપે પણ કવિએ કલ્પી છે. કવિ કલ્પનાનું એક અનોખુ સંયોજન થયું છે. કવિની કલ્પનાના બળે બે સંદર્ભો અહી ઊઘડે છે. તેમાં એક તો પ્રિયતમ -પ્રિયતમાનું મિલન અને બીજું પવન અને ધરા વચ્ચેનો સંબંધ જે સૂચક છે. કોઈ દગ્ધ વિરહીની પાસે એની ગંધ જાય તો કેવી અસર થાય તે ભાવ નીચેની પંક્તિઓમાં વ્યક્ત થયો છે.

"ભીંજાયેલા ઉરના ઉઘાડી બંધ

આવતું રહે બહાર રંગીલું કવન !" ( પૃ. ૩૭ )

ભીંજાયેલા હદયના બંધ દ્વારો ખોલીને રંગીલું થઈ ગયેલું જીવન બહાર આવતું રહે છે. કવિ અહી માત્ર 'ઉર' શબ્દ પ્રયોજતા નથી પરંતુ 'ભીંજાયેલા ઉર' શબ્દ પ્રયોજે છે. પ્રિયતમાના હદયમાં પણ પ્રિયતમને

મળવાની આતુરતાનો ભાવ અહીં વણાયો હોવાની પ્રતીતિ થાય છે. આભના યુવાન તરીકે પવનની કલ્પના કરી છે તો ધરતીની કલ્પના નવોઢા નાર તરીકે કરી છે. કોઈ યુવાન આવે છે ને કોઈ નવોઢાને ચુંબને નવડાવે એવી રોમાંચક કલ્પના આ કાવ્યને આહ્લાદક બનાવે છે. આવા પ્રકૃતિ કાવ્યમાં રોમેન્ટિક ભાવ ભળેલો છે તે સ્પષ્ટ પણે અનુભવી શકાય તેવો છે. પ્રકૃતિના વિવિધ કાવ્યો કવિ પાસેથી મળે છે ત્યારે પવનના ભિન્ન રૂપોની થયેલી પ્રતીતિને કવિએ કેવી આહલાદક અને મનોરમ્ય રીતે શબ્દસ્થ કરી છે તેની અનુભૂતિ કરાવતું એક કાવ્ય જોઈએ,

## એ આવે-

આ કાવ્યમાં પાનખરની ઋતુ ને એમાં વાતા પવનની પૌરાણિક પાત્રો સાથે કરેલી સરખામણીને લીધે એ પવનની ભયાનકતા ઉપસે છે.

" દુઃશાસની વાયુ પેલો

હરી લેતો આજે મારી

વનશ્રીનાં ચીર..." ( પૃ. ૪૯ )

અહીં 'પેલો' સર્વનામ પ્રયોજે છે, જેમાં માનવાચકતાનો ભાવ નથી. વાયુને દુઃશાસન સાથે સરખાવી પવનની નફ્ટાઈ ને દર્શાવી છે અને એવો વાયુ વનશ્રીનાં ચીર હરી લે છે. જેમ મહાભારતમાં દુઃશાસને દ્રૌપદી વસ્ત્રાહરણ કર્યું એવું વસ્ત્રાહરણ કવિ વનશ્રીનું થતું અનુભવે છે. કવિએ 'મારી વનશ્રીનાં ' એવો શબ્દ પ્રયોજયો છે જ્યાં વનશ્રી સાથેનો લગાવ છે. વન સાથેનો કવિનો નાતો છે અથવા તો એમ કહીએ કે કવિએ પ્રયોજેલા 'શ્રી' શબ્દમાં માનવાચકતા છે. જેનાથી આ માનવીય દેહ ઘડાયો છે એવી પ્રકૃતિને માટે કવિને સન્માન હોવાની પ્રતીતિનું સૂચક બને છે. તેમણે મૂકેલો શબ્દ 'મારી વનશ્રીના ચીર' શબ્દમાં એ સરળતાથી પ્રગટ થાય છે. વનશ્રી તો છે પણ 'મારી' શબ્દમાં પોતીકા પણાનો જે ભાવ છે તે ઘૂંટાય છે. સજીવારોપણ અલંકાર દ્વારા કવિએ પાનખરના પવનની સહેજ ભયાનક સ્થિતિ દર્શાવી છે. પાનખરનો પવન આવે છે અને આખીય વનશ્રીના ચીર જાણે હરી જતો કવિ અનુભવે છે. વનના વૃક્ષો કૌરવોની સભા સમા કલપ્યા છે જાણે સૌ કૌરવો ખભા હલાવીને ખડખડ હસી રહ્યા હોય એમ કવિની કલ્પનામાં વણાયા છે. કાવ્યમાં આગળની પંક્તિઓમાં પવન પ્રકૃતિ પર થતી અસરને વ્યક્ત કરી છે. તે જોઈએ,

" ખરી પડે,

ખર...ખર..

સરી પડે

સૂકાયેલાં પર્ણ

પીળો એનો વર્ણ," ( પૃ. ૪૯ )

પાનખરમાં પાંદડામાં ખરવાની ઘટના સહજ છે, જેનો રંગ પીળો છે એટલે કે જે પીળા પડી ગયા છે પરંતુ કવિ તરત કહે છે. એતો એની ઝંખનાની પીળી પીળી પીઠી. પાનખરને કવિ કેવી રીતે જુવે છે. કવિની કલ્પનામાં પાનખરનું નવું રૂપ ઝીલાયું છે. પાનખરને માત્ર પાનખરના રૂપમાં જોતાં નથી પરંતુ પીળા વર્ણને પીઠી સાથે સરખાવે. જેમ કોઈ કન્યા પીઠી ચોળી અન્ય ગૃહે જવા સજ્જ બને છે તેમ આ વણકન્યાએ પીઠી ચોળી છે એમ કવિ કહે છે. કવિ કલ્પનાનું આ મનોરમ્ય રૂપ મનને આનંદથી ભરી દે છે. પાનખર પછી નવા પર્ણો માટેની ઝંખના હોય એમ પ્રતીત થાય છે અથવા વસંત આગમનની પ્રતિક્ષામાં પાનખરે પીઠીનો રંગ ચોળ્યો છે એવો ભાવ પણ પ્રગટ થાય છે. આ રીતે વાયુના આગમનથી વન વૃક્ષોની થતી સ્થિતિને કવિએ કાવ્યમાં વર્ણવી છે. રાત્રીના સમયે વૃક્ષોના એક બીજા સાથે ઘસાવાથી પ્રગટતી આગને ભૂતાવળી ભડાકા સાથે સરખાવી છે. ત્યાર પછીની પંક્તિઓમાં કવિ 'એ આવે' શબ્દ પ્રયોજે છે. જેમાં કશાકની રાહ જોવાનો ભાવ અભિવ્યક્ત પામ્યો છે. આવા સમયે કવિ રાહ જોઇને અધીરા બની જાય છે. જેની પ્રતિક્ષા કવિને છે અને તેના આગમનથી કેવી અસર થશે તે રજૂ કરતી પંક્તિઓમાં પણ આહ્લાદકતાનો રંગ ઘૂટાયો છે

" એ આવે

જે સાંજ ને સવારે

ખોબે વેરીને પલાશ

મારું ભરી દે આકાશ

નિત અભિનવા રંગે !

મહેકી ઉઠું પછી જુઓ

કેવો અંગે અંગે! " (પૃ. ૫૦ )

કષ્ટ પ્રાપ્ત કર્યા પછીની ઝંખના છે. એટલે આરંભે કવિએ પાનખરની વાત કરી છે ને પછી અધીરા બનીને વસંતની રાહ જુવે છે. જેના પરિણામે વાટ જોવાની આતુરતામાં ઉમેરો થાય છે. આ રીતે પણ આ કાવ્યનું સૌંદર્ય પામી શકાય છે. વસંતઋતુના આગમનની ઝંખના કવિની પણ છે. કોઈ વ્યક્તિની રાહ જોતા હોય એમ કવિ વસંતની રાહ જુવે છે કે જે આવે ને પોતાના આકાશને પલાશથી ખોબે ખોબે ભરી દે નવા નવા રંગોથી, જેથી પોતાનું અંગ અંગ મહેંકી ઉઠે. અગાઉ આપણે 'શો પવન' કાવ્યમાં જોયું ત્યાં પવનનું જુદું રૂપ છે, ત્યાં રોમાંચ છે. જ્યારે અહીં પાનખરના પવનની એક ભયાનકતા છે. પૌરાણિક પાત્રો સાથે કવિએ આ વાયુને, વૃક્ષોને સરખાવી સજીવારોપણ, ઉપમા જેવા અલંકારોને ઉચિત રીતે પ્રયોજી કાવ્યસૌન્દર્ય નિષ્પન્ન કર્યું છે. પલાશ-આકાશ, રંગે-અંગે જેવા પ્રાસ કાવ્યના લયમાં ઉમેરો તો કરે છે. પલાશ એટલે કેસૂડો. વસંતના આગમનથી કેસૂડો જાણે પોતાના આકાશને ભરી દે છે. અહી 'આકાશ' શબ્દમાં સમગ્રતાનો ભાવ છે. એવુ જ એક બીજું 'પવન' કાવ્ય જેમાં પવનની ગતિવિધિના લયને કવિએ પમાડ્યો છે.

**પવન**

કાવ્યમાં પવનની જીવંતતા અનુભવાય છે. પવનની ગતિવિધિને કવિએ આબેહૂબ વર્ણવી છે. પવનનું ધરતી પર પગલાં મૂકવું, મત્ત ધરાની ગંધ સૂંઘવી અને છીંકોટા ખાવા જેવી ક્રિયાઓમાં સજીવ સંસ્પર્શ અનુભવાય છે. પવનની ઊંચા-નીચા થવાની ગતિના વર્ણનમાં પવનના લયને કવિએ બરાબર પકડ્યો છે. એ જોઈએ,

" ડોક કરીને ઊંચી, ભાળી પાછું,
ડોક નમાવી
ચારે પગથી કૂદી ભડકી
જાય સીમાડા પાર કરીને" ( પૃ. ૪૭ )

પવનના આવા રૂપની ગતિવિધિના લયને કવિએ બરાબર પકડ્યો છે. વૃક્ષો પર પવનની અસરને ઝીલતી પંક્તિમાં પણ કવિ કસબ નજરે ચઢે છે.

" છોડ-ઝાડ ઊંચકી, પટકી, ફેંદી સૂંઘી
મત્ત ધરાના દેહ ઉપર આળોટી

રંગો નભના આંખોમાં પ્રગટાવી

ઉભો થાય" ( પૃ. ૪૭ )

વંટોળ વખતની સ્થિતિને એમાં વૃક્ષોનું જમીનમાંથી ઉખેડાઈ જવું, પડી જવું. પવનના જોરદાર ઝપાટા સાથે ફેકાઈ જવા જેવી સ્થિતિને ઊંચકી, પટકી, ફેંદી, સૂંઘી જેવા શબ્દો દ્વારા લાઘવપૂર્ણ રીતે ભાવાભિવ્યક્તિ સાધી છે. એ પવન ધીમેથી આવીને હળવેકથી આ બધી ક્રિયા નથી કરતો. આતુરતા છે, ત્વરિતતાની ગતિ છે જે ઉપરોક્ત પંક્તિઓમાં અનુભવાય છે. પવનની ગતિ અને લયને કવિએ બરાબર પકડ્યો છે. ભાવ સંવેદન કવિએ મૂક્યું છે તેને અનુરૂપ લય સાધ્યો છે. ઉપરોક્ત ત્રણ કાવ્યોમાં પવનની વાત છે. એ પવન જુદી જુદી ઋતુનો છે. અને દરેક ઋતુના પવન સાથે કવિના અનુભવો જુદા અને અભિવ્યક્તિની તરેહો પણ ભિન્ન છે.

## વહંત જલ

પૃથ્વી છંદમાં લખાયેલું કાવ્ય છે. આમ જોઈએ તો કવિએ સોનેટ રચનાઓ કે છંદોબદ્ધ રચનાઓ વધારે લખી નથી. પણ આ એક પૃથ્વી છંદમાં લખાયેલા સોનેટમાં વહેતુ જળ પથ્થરો પર પડે છે અને પાણીના જે છીટકારા ઉડે છે એ જોઈને નદીના પથમાં પથ્યરાયેલા પથ્થરો હસે એ આખીય ઘટનાને લયબદ્ધ રીતે મૂકી છે,

" ઘસત જલ-ઓઘ-સર્પ પટકંત શિલા પરે

ફણા, દિશદિશે ઉડંત બસ વારિનાં સીકરો;

. થતી સરીતવ્હેણ કેરી બસ,કચ્ચરે કચ્ચરો!

હસે સરિત પંથ માંહી પથરાયલાપથ્થરો !" ( પૃ.૬૩)

સાપ પથ્થર ઉપર ફેંણ પછાડે એવી જ રીતે વહેતા જળનો પ્રવાહ છે. પથ્થરો પર પછડાઈને એ વેરણ-છેરણ થઈ જાય છે. જેના માટે કવિએ 'કચ્ચરે કચ્ચરો' શબ્દ સહજ રીતે પ્રયોજયો છે. સાવ કચ્ચર થઈ જતું વહેણ એ જોઈ નદીમાં પથમાં પથરાયેલા પથ્થરો હસે છે. પાણીના સતત વહેતા પ્રવાહને લીધે ધોવાઈને સ્વચ્છ થઈ ગયેલા પથ્થરો કવિને હસતા લાગે એ સ્વાભાવિક છે. પરંતુ અહીં કવિએ દ્રશ્યાત્મક ચિત્ર ઉપસાવી આપી એમની પ્રતિભાનો પરિચય આપ્યો છે. વહેતા જલરાશિના પથમાં અનેક અવરોધો આવે છતાં જલઘોડલા સતત વેગથી વહે જાય છે. જળનો અવાજ છે એ પવર્ત પહાડોમાં ગૂંજી ઉઠે છે.

પાણીનો એટલો અવાજ ન આવે પરંતુ કવિએ ખૂબ જ સભાનતાથી શબ્દ વાપર્યો છે 'ઘસે સતત વેગથી' સતત વેગથી ધસવાની વાત કરી છે. વેગને લીધે પર્વતોમાં અવાજ ગૂંજી ઉઠે છે. એ રીતે કાર્ય કારણના સંબંધો પણ કવિ પકડીને ચાલ્યા છે. જલ ઘોષના પડઘા પડી રહ્યા છે. ઘુમ્મસે અટવાઈને જે વહેણ લુપ્ત થઈ જાય છે તે નવજાત રૂપે નીસરે છે. વહેતા જળને પૃથ્વી છંદમાં મૂકીને પૃથ્વી જેવા પ્રવાહિત છંદમાં કવિએ વહેતા જળનો લય જાળવી રાખ્યો છે એમ કહી શકાય. અંતિમ પંક્તિઓમાં કવિ કહે છે,

"ઉડંત સીકરે પયોદ-ધનું-રંગ જામી રહે

વહંત જલ માંહી મંજુલ સિતાર વાગી રહે" ( પૃ. ૬૩ )

ઉડતા સીકરે પયોદ-ધનું-રંગ જામી રહેતો તો વહેતા જલમાં મજુલ સિતાર વાગી રહેતી હોવાની વાત કવિના ઇન્દ્રિયગોચર અનુભવ વિશ્વની ઝાંખી કરાવે છે. આખુંય કાવ્ય આમ જોઈએ તો શ્રવણ ઇન્દ્રિય દ્વારા પામવું પડે એવું છે. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ તેમના કાવ્ય વિચારમાં ઉમાશંકરની જેમ કાવ્યને કાનથી સાંભળવાની કળા માને છે ત્યારે આ પ્રકારના તેમના કાવ્યોમાં એ જોઈ શકાય છે કે કાન સરવા ન હોય તો કાવ્યના લયને પામી ન શકાય.

## પ્રિય રે !

આ કાવ્યના કેન્દ્રમાં વૃક્ષ છે. આપણે અર્વાચીનયુગથી જ જોઈએ તો ઘણી કવિતાઓ મળે જેમાં વૃક્ષનું જુદું જુદું સ્વરૂપ આકારિત થયું છે. કવિતામાં વૃક્ષ વિશે ચર્ચા કરતા મણિલાલ હ. પટેલે ગુજરાતી કવિતામાં વૃક્ષનું કેવું રૂપ ઝીલાયું છે તેની રેખાઓ અંકિત કરતાં નોંધ્યું છે કે " રામનારાયણ ભેખડ ઉપર પડું પડું ઉભેલા વૃક્ષની વાત દ્વારા માટી-માણસ-ઋતુના સંબંધો દર્શાવે છે. 'મૃત્યુંફળ'ને શાખાબાહુમાં સાચવી ઉભેલા સૂકકા વૃક્ષની વાત માંડનાર ઉ. જો. માં તો વૃક્ષોનાં ઘણાં વર્ણનો છે. મકરંદ દવે 'મુંબઈ નગરીમાં શ્રેષ્ઠ આંબો મ્હોરતો / એની મંજરીને રામ રામ કહેજો'-કહીને વૃક્ષહીન નગરોની વિરૂપતા ચીંધે છે. જયંત પાઠક પોતે જ ગયા ભવમાં વૃક્ષ હોવાની બાને વાત કરે છે. તો ઉશનસ્ તો વૃક્ષો નીચે નગરનામ ભૂલીને અનહદમાં ચાલ્યા જાય છે. સિતાંશુ 'ફરી પાછું વૃક્ષ'માં આધુનિક શૈલીમાં, વૃક્ષના હોવાની સભર લીલા વર્ણવે છે" [3] આમ જોઈએ તો વૃક્ષ નવા નવા રૂપો સાથે કાવ્યમાં અભિવ્યક્ત થયું છે. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ 'પ્રિય રે !' કવિતામાં વૃક્ષનું એક જુદું રૂપ પ્રત્યક્ષ થતું અનુભવાય છે. 'હું વૃક્ષ રુક્ષ વનપ્રાન્ત વિષે ઊભીને /વેઠ્યા કરું કાવ્યનું શીર્ષક પ્રિય રે છે. પરંતુ પ્રિય રે કવિ કોને કહે છે એતો કાવ્યમાંથી પસાર થઈએ ત્યારે જ ખ્યાલ આવે માત્ર પ્રિયતમા જ હોય એવું નથી. કાવ્યમાં પ્રકૃતિ છે, વૃક્ષ છે .

" હું વૃક્ષ રુક્ષ વનપ્રાન્ત વિષે ઊભીને

વેઠ્યા કરું શિશિરના હિમવાયરાની

શૂળો; ગળાય મુજ હાડ દિને દિને; ને

જોયા કરું નીરવતા પથરાયેલી જે

આસપાસ" ( પૃ. ૬૪ )

કવિએ વૃક્ષ સાથે રુક્ષનો રચેલો પ્રાસ ધ્યાનપાત્ર છે. વૃક્ષ પોતાની કથા કેહતું હોય એવી શૈલીમાં લખાયેલું કાવ્ય છે. કવિ 'હું વૃક્ષ' એમ કહે છે ત્યારે માત્ર વૃક્ષનો જ 'હું' નહિ કવિનો પોતાનો 'હું' પણ ધ્વનિત થતો સંભળાય છે. તો વૃક્ષની એકલતા સાથે કવિની એકલતા ભળીને આવી છે. કાવ્યની અન્ય પંક્તિઓમાં ભળેલો જે ભાવ છે તે જોઈએ તો તેમાં વૃક્ષની એકલતાનો ભાવ વિશેષ પણે ઘૂંટાયેલો પ્રતીતિ થાય છે.

" ઘૂમી વળે ત્યહીં શોધવાને

કે આવતું મધુર ગાન રમીભમીને

આ ડાળ શુષ્ક પર આવી ઘડીક કૂંજે

તું કોકિલા, મધુર સૂર પીધા કરું,જે

ઊગી રહે મુજ નિરંતર અંગ અંગ

કે વૃક્ષ રુક્ષ પછી પલ્લવથી પ્રફુલ્લ

ને પુષ્પપુંજ થકી હોય ઝૂકેલ,-

જોઈ

હર્ષે ઘૂમે વનવને પ્રિય રે ! વસંત !" ( પૃ. ૬૪ )

વસંતની રાહ વૃક્ષને છે જેના આગમનથી તે પ્રફુલ્લિત બને. તેમના 'આજ -૧' કાવ્યમાં પણ એવો જ ભાવ ભળેલો છે. 'મ્હેકી રહેલી તરૂની ઘટાઓ-ઢાંકી દીધું આ મનને ધરા જ્યમ વસંતની કોડભરી સુગંધની ઝંખા થકી, તરૂઓની ઘટાઓ મનને એવી રીતે ઢાંકી દે છે જેવી રીતે ધરાને વસંતની કોડભરી સુગંધની ઝંખના હોય. વન પ્રદેશમાં શિશિરના હિમવાયરાની શૂળો વેઠી વેઠીને જાણે એનું હાડ દિવસે દિવસે ગળાતું

જાય છે. એ જોઈ રહે છે આસપાસ પથરાયેલી નીરવતાને. શાંત વાતાવરણ છે કારણ કે હમણાં કોઈ પંખી ત્યાં નથી. દૂર ક્ષિતિજે દ્રષ્ટિ કરે છે. એ દ્રષ્ટિ ત્યાં થંભતી નથી પરંતુ ઘૂમી વળે છે કોઈ પંખીના રમી ભમીને આવતા મધુર ગાનને શોધવા. વૃક્ષની એકલતાનો ભાવને કવિએ વણી લીધો છે. કોયલને કહે છે કે તું જો આ શુષ્ક ડાળ પર આવીને કુંજન કરે તો તારા મધુર સૂરને પીધાં કરું. કવિ કોઈ બીજા પક્ષીની નહિ પણ ખાસ કોયલની વાત કરે છે. કોયલનું બોલવું વરસાદની સૂચકતા છે. કોયલ આવે ને બોલે તો એનો મધુર આવાજ તો સાંભળવા મળે પરંતુ શુષ્ક બનેલુ  વૃક્ષ ફરી હર્યું ભર્યું થાય. કોયલ આવીને કુંજન કરે તો એ વૃક્ષ જે રુક્ષ છે રુક્ષ ન રહેતા પ્રફુલ્લિત બની પુષ્પપુંજથી ઝૂકી પડે અને એ જોઈ હર્ષથી વનેવને ઘૂમે પ્રિય રે ! વસંત!  આમ અહીં આ કાવ્યમાં વૃક્ષની ઝંખના વસંતતિલકા છંદમાં રજૂ થઈ છે. તેમના અન્ય કાવ્યોમાં જોવા મળે છે તેંમ અહીં પણ વૃક્ષમાં સજીવારોપણ થયું છે. પાનખર પછીની વૃક્ષની ઝંખનાને વ્યક્ત કરતા આ કાવ્યમાં કવિ પ્રતિભાનો પરિચય થાય છે.

ઉપરોક્ત કેટલાક કાવ્યો જોયા એમાં એ જોઈ શકાય છે કે વસંતઋતુ કવિની પ્રિયઋતુ રહી છે. વસંતઋતુ એમના પ્રકૃતિના કાવ્યોમાં ખાસ જોવા મળે છે. તો વસંત આગમનની ઉત્સુકતાનો સૂર વણાયો છે.

## આખી રાત

કાવ્ય કવિ શક્તિનો વિશેષ ઉન્મેષ દાખવે છે. આખી રાત પારિજાતનું ઘર પછવાડે વરસવું એક આહ્લાદક સૃષ્ટિ ખડી થાય છે કવિ કહે છે,

"આખી રાત

નાના મારા ઘર પછવાડે વરસ્યાં પારિજાત

કૈં વરસ્યાં પારિજાત

અહો કૈં વરસ્યાં પારિજાત

સુગંધને સરવરિયે ખીલી એણે

મજુલ સારસના સૂરોથી ગૂંથી એની રમ્ય બિછાત!" ( પૃ. ૬૬ )

કૈં વરસિયા પારિજાત કહીને પછીની પંક્તિમાં અહો કૈં વરસિયા પારિજાત જાત કહે છે. એ 'અહો' માં આહલાદકતા અનુભવાય છે. મંજુલ સારસના સૂરોથી ગૂંથી જાણે એની રમ્ય બિછાત. પારિજાતની વર્ષાને લયબદ્ધ રીતે પ્રત્યક્ષ કરી છે. કવિની કલ્પના પણ અહી મનોરમ્ય નીવડી છે. પ્રથમ તો તેમણે 'કૈ' શબ્દ પછી 'અહો' શબ્દ પ્રયોજયો છે. જેમાં કવિની આહ્લાદકતા ઘૂંટાઈને આવે છે.

## ચાંદની

કાવ્યમાં પણ કવિની કલ્પનાનું સુંદર સાયુજ્ય રચાયું છે. ચાંદની કો'કની પ્રેમાળ અંગુલીસમી કિરણાવલી જેવી પ્રતીત થાય છે. કવિની આ સુંદર ભાવસભર રચનાની પંક્તિઓ જોઈએ,

" ચાંદની ઝરતી રહી

રાતભર સરતી રહી

કો'કની પ્રેમાળ અંગુલીસમી કિરણાવલી

આ વૃક્ષને છાંયે સૂતા

અંધારના મસ્તક પરે લટમાં રમી-

ગૂંથાઈ ને ફરતી રહી" ( પૃ. ૪૦ )

ચાંદની કવિને ઝરતી લાગે છે તો કો'કની પ્રેમાળ અંગુલીસમી કિરણાવલીની જેમ સરતી પણ અનવુભવે છે. જે વૃક્ષના છાયે સૂતેલા અંધારના મસ્તક પર એના લટમાં રમીને ગૂંથાઈને ફરતી રહેવાની કવિની અનુભૂતિ છે. ચાંદનીનો આ રીતે ઝરવાનો એક આહ્લાદકતા પમાડતો અનુભવ છે.

" ને મારી આ હદયની શિલા પરે

એ અવનવાં કૈં શિલ્પ કોતરતી રહી !" ( પૃ. ૪૦ )

હૃદયની શીલા પર ચાંદની શિલ્પ કોતરી રહ્યાનો રોમાંચક અનુભવ અહીં વર્ણવાયો હોવાની પ્રતીતિ થાય છે.

## કોણ આવે

કાવ્યમાં પહેલી જ પંક્તિમાં કવિનો પ્રશ્ન છે. આ કોણ આવે? અહીં આ કાવ્યમાં પ્રકૃતિ કે પ્રેમિકા પણ હોઈ શકે જેના આગમનથી વાસંતી વૈભવ આવી જતો કવિ અનુભવે છે. આરંભની પંક્તિઓમાં જ કવિનો પ્રશ્ન છે,

" આ કોણ આવે ?-

કે આગમનથી જેહના

સૂતેલ મારાં (ટૂંટિયું વાળી પડેલાં)

ગાન ઊઠી કંઠ કેરા સાજને આજે સજાવે?" ( પૃ. ૪૨ )

કોણ આવી આવી રહ્યું છે. એ કોણ ? આ પ્રશ્ન આખીય કવિતામાં પ્રગટ થયો છે એટલે અંતિમ સુધી કહેવું મુશ્કેલ બને છે કે એ કયું તત્ત્વ છે જેના આવવાથી કવિનું ઉર સતામણીનો અનુભવ કરી રહ્યું છે. પાનખર તો નિષ્ઠુર થઈને આવી હતી જેને લીધે જિંદગીની નાનકી સરિતા પર ઘેઘૂર થઈને ઝૂકી રહેલા કાળ કેરા વૃક્ષ પરથી પાંદડા પીળા પીળા બધા દિવસો તણા ખરતા હતા ને સરતા હતા. આવા સમયે વાસંતી વૈભવ લઈને કોણ આવે? તાપ વેઠ્યો છે એકલતા અનુભવી છે અંધારની માટીના આશન પર બેઠો છું એવા સમયે ત્યાં કોણ અજાણ્યું મેઘધનુષના દોરને ઝોલે મને ઝુલાવી રહ્યું છે અંતે કવિ કહે છે આવનારું હોય તો છો આવતું પણ આજે આ ભોળા હૃદયને શા માટે આટલું સતાવી રહયું છે. અહીં રાજેન્દ્ર શાહની એક કાવ્યની પંક્તિઓ જોઈએ જેમાં આવો જ એક ભાવ પ્રગટ થયો છે.

"દૂરથી આવે કોઈનું ગાણું:

સ્મરણના શત દીવડે ઘૂસર

ટમકી ઉઠ્યું સાંજનું ટાણું"[૪]

કોઈનું ગાણું સંભળાઈ રહ્યું છે જેને લીધે સાંજનું ટાણું ટમકી ઉઠયાની અનુભૂતિ રાજેન્દ્ર શાહની છે. કઈક એવી જ અનુભતિ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની આ કાવ્યમાં જોઈ શકાય છે.

**આજ -૧**

આ કાવ્યમાં સવારનુ દ્રશ્ય અંકિત થયું છે. બારી પર સવારનો કુમળો તડકો ઝીલાય છે એ વખતે કિલ્લોલ કરતું બુલબુલ ક્યાંકથી આવી ચઢે છે ને એના સૂરોથી કવિના રિક્ત હૈયે અણજંપ કંપનો

મૂકી જાય છે. બારીના કાચ પર કોઈ અદ્રશ્ય પીંછી ફરી ગઈ હોય એવી કલ્પના મનોરમ્ય છે. વને વનમાં તરૂની ઘટાઓ એના કુમળા પાંદડા, પુષ્પો ને એની ગંધથી મહેકતી ઝૂકી રહી છે. એની અસર કવિના મન પર કેવી થાય છે,

"ઢાંકી દીધું આ મનને ધરા જયમ

વસંતની કોડભરી સુગંધની

ઝંખા થકી"- ( પૃ.૬૨ )

મનને કેવી રીતે ઢાંકી દીધું તેનો ઉત્તર કવિ આપે છે. એવી રીતે ઢાંકી દીધું જેમ કોઈ પૃથ્વીને વસંતની કોડભરી સુગંધની ઝંખના હોય. અને કવિને મન હવે આજ વસંતપંચમી છે. આ કાવ્યમાં વસંતપંચમીના આગમન સમયની આહ્લાદકતાને આકારિત કરી છે.

## એક વાતની જાણ

કાવ્યમાં ગીષ્મઋતુનો સમય ને એવીજ કવિની અભિવ્યક્તિ થઈ છે

" સરવર મારું શાન્ત,

તરલતા પોઢી ગઈ છે બિન્દુએ બિન્દુમાં

ઓઢી ઝાંય સરલ આકાશી" ( પૃ. ૪૮ )

સરવર શાંત છે એની તરલતા પોઢી ગઈ છે આકાશી ચળકાટ ઓઢીને. ગીષ્મ તણું એકાંત આભમાંથી ઉતરીને ઝૂમી રહ્યું છે તો ધૂળ-પાંદડે તો ક્યાંક અજાણ્યા વન વનના મારગડે ઘૂમી રહ્યું છે. આવા સમયે પ્યાસી દ્રષ્ટિ ભટકતા સૂર શોધી રહી છે. કવિએ ભટકતા સૂર કહ્યા છે. પક્ષીઓ ગીષ્મ ઋતુમાં ક્યાંક દૂર ચાલ્યા ગયા હોવાની સ્થિતિ છે. એ આવે ને આંબાની ડાળે ડાળે એના સૂર મોહરી ઉઠે ને તપ્ત પવનના અંગે ફોરી ઉઠે. આ દ્રશ્ય નિહાળી કોઈ કવિની કવિતાઓમાં છલકાય, પણ અંતે કવિ કહે છે,

"અમોને એક વાતની જાણ હવે નિર્ભ્રાંત

જે નીડમાંથી પંખીઓ તો ઉડી ગયા છે દૂર

ગગનને પ્રાન્ત" ( પૃ. ૪૮ )

ભ્રમ હવે રહ્યો નથી. કારણ કે પંખીઓ દૂર ગગનમાં ઉડી ગયા છે. મ્હોરે-ફોરે, અંગ-રંગ, છલકે-હલકે જેવા પ્રાસ દ્વારા લય સાધ્યો છે. જે કાવ્યના ભાવસંવેદન સાથે ઉત્કૃષ્ટ રીતે વણાયો છે.

## નથી જવું વેરાને

આ કાવ્યમાં ભજનના ઢાળમાં કવિએ સાધેલી અભિવ્યક્તિ કવિત્વશક્તિનો પરિચય આપે છે. આ કાવ્યના ભાવવિશ્વને અનુરૂપ લય, શબ્દોનું સામ્રાજ્ય પ્રમાણવા જેવું છે.

"મન નથી જવું વેરાને!

સૂર હવે છેડી દો સંગી બની વિહંગમ-ગાને!" ( પૃ. ૬૮ )

જાણે વૃક્ષો પંખીઓને કહી રહ્યા હોય એમ કવિ કહે છે પંખીઓને કે તમે સાથી બનીને તમારો સૂર હવે છેડી દો.'મન'અહીં ઈચ્છા નથી થતી વેરાને જવાની એ વાત સ્પષ્ટ થાય છે. સૂર હવે સંગી બની છોડી દો. થરથરતા દેહે ઘણા વેઠ્યા છે શિશિરના પવનો, બધું જ જોઈ લીધું. હવે કોઈ અજાણ્યું આકાશમાં રંગો વેરી રહ્યું છે.

કવિએ પાનખર બેસવા પૂર્વેની સ્થિતિનું વર્ણન કર્યું છે. વનમાં લાગતી આગને કવિ કેસૂડાની કળીયો માને છે. આ ધૂળ ઉડી રહી છે એને પણ કવિ ધૂળ માનવા તૈયાર નથી એતો પરાગ રંગ ભવનમાં ઉડી રહ્યો છે એમ કહે છે. વૃક્ષોના પીળા પડી ગયેલા પાન ને પીઠી ચોળી હોય એવી કલ્પના કરી છે. વનમાં વાંસની થતી ચિચયારીને વેણુનો નાદ સમજે છે. આંસુના રેલાને ઝરણાનો ઉંન્માદ કલ્પે છે.

" કિંશુકની આ હસે કલિકા

દવ ક્યાં છે ઉપવનમા

રાખોડી ના ઉડે હવે,આ

પરાગ રંગભવનમાં!

પીઠી ચઢી આ વને વને,ના પાનાં પીળે વાને!" ( પૃ. ૬૮ )

કવિએ પ્રાસ તો સાકળ્યો છે એ પ્રાસયુક્ત શબ્દો પણ કવિતાના લયમાં ઉમેરો કરે છે. કવિ વન ન કહેતા 'ઉપવન' અને 'રંગભવન' જેવા શબ્દો પ્રયોજે છે. કવિ કલ્પનામાં પાનખરનો સમય પ્રભાવક રીતે ઉપસી આવ્યો છે. વેરાનમાં જવાની વૃક્ષોની ઈચ્છા નથી એવો ભાવ તો અહીં પ્રગટ થતો અનુભવાય છે. પરંતુ

જાણે વિધિના લેખ હોય એમ કોઈ લખી ગયું એમ કવિ કહે છે. લખી ગયું છે એ અક્ષર કે હું આવું કુમળે પાને. પાનખરનો સમય ને પછી નવા પર્ણો ફૂટવાની વાત બહું સહજ રીતે કવિએ મૂકી આપી છે. જીવનના સંદર્ભે આ કાવ્યને જોઈએ તો પણ એ નવો અર્થ જન્માવી આપે એવી આ કવિતા છે. મૃત્યુ આવવાનું હોય ને એની સાથે વેરાનમાં નથી જવું એવી ઈચ્છા પ્રગટ થતી અનુભવી શકાય છે. કવિ મોત સામે ઝઝૂમ્યા છે એટલે એ બનવા જોગ છે કે કાવ્યમાં મૃત્યુનો સૂર સહજ રીતે વણાયો હોય. કાવ્યની અંતિમ પંક્તિ આ અર્થને પોષે છે એમ કહેવું મને ઉચિત લાગે છે જ્યાં કવિ કહે છે,

'લખી ગયું એ અક્ષર 'આ આવું છું કુમળે પાને!' ( પૃ. ૬૮ )

જીવનના અલ્પઆયુમાં મોત સામે ઝઝૂમતા કવિના મુખે આ ભાવ પ્રગટ થયો હોય એમ બની શકે છે. આમ. ઉપરોક્ત કવિતામાં. પ્રકૃતિના વિવિધ રૂપોનું આહ્લાદક તો ક્યારેક વરવું રૂપ કવિએ ઝીલ્યું છે. ભાવોને અનુરૂપ સાધેલી ભાવાભિવ્યક્તિ કાવ્યના નર્મ-મર્મને ઉઘાડી આપે છે. એમના પ્રકૃતિના કાવ્યો. અને તેમને પ્રયોજેલ શબ્દો સાથે રચાતો લય પામવા જેવો છે. બીજું એ પણ છે કે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનો પ્રકૃતિ સાથેનો લગાવ ખાસ રહ્યો છે એ પણ જોઈ શકાય છે. આવા કાવ્યો દ્વારા એ પ્રતીતિ પણ થાય છે કે વસંતની પ્રતીક્ષા હંમેશા કવિને રહી છે. એમ કહેવું પણ ખોટું નથી લાગતું. રોમેન્ટિક પ્રેમભાવને વ્યક્ત કરતી કવિતાઓ પણ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ પાસેથી મળી છે. હવે અહીં તેમની કેટલીક રોમેન્ટિક ભાવવાળી કવિતાઓ જોઈએ.

## ૩.૩. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની કવિતામાં મૃત્યુનું સંવેદન

મૃત્યુનુ સંવેદન ઝીલાયું હોય એવી કવિતાઓ આપણને ગુજરાતી સાહિત્યમાં જોઈએ તો દલપતરામથી મળતી રહી છે. મિત્રના મૃત્યુના શોકને વ્યક્ત કરતું પ્રથમ કરુણ પ્રશસ્તિ કાવ્ય 'કાર્બસ વિરહ' તેમની પાસેથી મળેલું. ત્યાર પછી મિત્ર, પત્ની,ભાઈ ના મૃત્યુની વ્યથાઓને વ્યક્ત કરતી રચનાઓ પણ મળતી રહી છે. અહીં વિકાસરેખા આલેખવાનો આશય નથી પરંતુ નર્મદ યુગથી આ પ્રકારની રચનાઓ પ્રાપ્ત થાય છે. અહીં આ પ્રકરણમાં અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના કાવ્યોમાં મૃત્યુના સંવેદનો કેવા ઝીલાયા છે એની સમીક્ષા કરવાનો આશય છે.

અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના જીવનની કરુણતા રહી છે કે નાની વયે લ્યુકેમિયાની બીમારીનો ભોગ બન્યા. કેટલાક વર્ષો એની સામેં ઝઝૂમતા  રહ્યા છે. એના પરિણામ સ્વરૂપે મૃત્યુનું સંવેદન એમના કાવ્યોમાં અભિવ્યક્ત પામ્યું હોવાની પ્રતીતિ થાય છે, જો કે મૃત્યુ વિષયક બધી રચનાઓ એ સંદર્ભે જ લખાઈ છે એમ કહી શકાય નહિ. આ પ્રકારની કવિતાઓ જોઈએ તો કદાચ, મૃત્યુને, ચાલો, તમારી વચ્ચે, માનશે ?, અવાશે, બાવળ, સાંજ, જેવી રચનાઓ જોવા મળે છે.

### હે સૂર્ય

કાવ્યમાં કવિનું  સૂર્યને આવાહન છે. કાવ્યના શીર્ષકમાં જ સૂર્યને કઈક કહેવાનું હોય એ સ્પષ્ટ રીતે ઉઘડે છે. કવિની આરંભની જ એક પંક્તિ જોઈએ,

" આવ, સૂર્ય

લાવ મારા થીજી જતા લોહીમાં

તારા સાત સાત અશ્વોનો ભુવનવિજયી હુંકાર" ( પૃ. ૦૧ )

આવ, સૂર્ય કહીને પછી લાવ કહે છે ત્યારે 'આવ' અને 'લાવ' ના પ્રાસમાં કવિની માંગ વ્યક્ત થઈ છે. થીજી જતા લોહીમાં સૂર્યના સાત સાત અશ્વોનો ભુવનવિજયી હૂંકારની અપેક્ષા છે. 'થીજી જતું લોહી'માં મૃત્યુ સામે સતત લડતા રહેલા કવિની સ્વ વાત પણ જોઈ શકાય. કે જેના માટે સૂર્યના સાત સાત અશ્વોના ભુવનવિજયી હૂંકારની અપેક્ષા રાખી છે અને આટલી અપેક્ષા શા માટે રાખી છે એ કાવ્યની અંતિમ પંક્તિઓ જોઈએ તો વધુ ખ્યાલ આવે કે જ્યાં કવિ કહે છે

"મશાલના તેજ મને નહિ ખપે, સૂર્ય, નહિ ખપે

આવ,જ્યોતિર્મય" ( પૃ.૦૧ )

મશાલના તેજ હવે કામના નથી એ કવિ બરાબર સમજી ગયા છે. કારણકે પોતે જડ, સ્વપ્નસ્થ,સમાધિસ્થ જેવા થઈને કોઈક અણજાણ પર્વતની તળેટીમાં પડ્યા હોવાની અનુભૂતિ થઈ છે. કવિની વેદના પણ કેવી છે,

અધરાત જાગી જાગીને થાકી

ને થાકી થાકીને જાગી મધરાત

વેદના નિશાચર પંખીનો ચિત્કાર બનીને

દિશદિશાન્તરે ઘૂમી વળી આખી રાતઃ

પ્રભા-પ્રભા-પ્રભાત !" (પૃ. ૦૧ )

અડધી રાત સુધી જાગી જાગીને થાકી ગયા છે. વેદના નિશાચર પંખીનો ચિત્કાર બની ગઈ છે. નિશાચર પંખીના ચિત્કારને પ્રીતક રૂપે પ્રયોજી વેદનાની તીવ્રતા દર્શાવી છે. એ નિશાચર પંખી માફક વેદના પણ દિશદિશાન્તરે આખી રાત ઘૂમી વળે છે. ને પ્રભાતને ઝંખે છે, ઉજાશને ઝંખે છે. એ પણ કેવી રીતે 'પ્રભા-પ્રભા-પ્રભાત' પુકારીને જેમાં પ્રભા-પ્રભા-ને પછી પ્રભાત કહીને પંખીના ચિત્કારનો લય સાધ્યો છે. જ્યાં એ વેદના વધુ બેવડાતી પ્રતીત થાય છે. રાત્રિના સમયની વ્યથાઓ શબ્દસ્થ કરી સૂર્યની ઝંખના કરી છે.

" સૂર્ય આવ,

મારા પોપચે તોળાયો ભાર

બિડાઈ ગયાં કમળપત્રની જેમ

પણ પુરાયેલા ભમરાને ક્યાં હતો જંપ ?

આખી રાત જોયા કર્યા હજાર હજાર સૂર્ય!" ( પૃ. ૦૧ )

પોપચાં પર તોળાયેલો ભાર અંતર્ગત વેદનાનો છે. જેને લીધે કમળપત્રની જેમ એ બિડાઈ ગયા છે. પણ પુરાયેલા ભમરાને ક્યાં જંપ ? એવો પ્રશ્ન કવિ કરે છે. આખી રાત એતો હજાર હજાર સૂર્યની રાહ જોઇને બેઠા છે! એક સૂર્ય નહિ પણ હજાર હજાર સૂર્યની રાહ જુવે છે. સૂર્ય આવે તો પોયણાનો શ્વેત પમરાટ, ચાંદનીનો આકાશી વૈભવ,રાતરાણીની મદીલી ગંધ, વાડામાં સરી જતા સાપનો દર્પીલો ફુત્કાર, તારકોની જ્યોતિલીલા ચરણે ધરી દેવાની ઈચ્છા પણ કવિએ વ્યક્ત કરી છે. કાવ્યમાં કવિએ સૂર્ય માટે બીજા જ્યોતિર્મય,ભર્ગોના ભર્ગ, પૂષન જેવા શબ્દો વાપર્યા છે જેમાં પણ કવિની કોઈ સામાન્ય દેવને આમંત્રિત કરવાની ભાવના નથી પણ આવા ભર્ગોના ભર્ગને આવકાર આપવાની ભાવના છે.

## કદાચ

કાવ્યમાં મૃત્યુ સામે ટકી રહેવાની પ્રબળ ઈચ્છા પ્રગટ થઈ છે. પોતાની ઇન્દ્રિયોને કોઈ પણ પરિસ્થિતિમાં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાની સલાહ આપતા હોય એ ભાવે કાવ્ય રચાયું છે. જ્યાં નયનને તેજ ન ગુમાવી દેવાની, ચરણને ઢગલો ન થઈ જવાની, શ્રવણેન્દ્રિયને સાંભળવાની શક્તિ ન છોડી દેવાની, નાસિકાને સૂંઘવાની શક્તિ ન છોડી દેવાની, પ્રકંપિત ટેરવાને સ્પર્શશક્તિ સાચવવાની, રૂપેરીવાણીને લય-નર્તન ન છોડી દેવાની કવિએ સલાહ આપી છે. અહીં પણ જોઈએ તો મૃત્યુ પેહલા સતત એની સામે ટકી રહેવાની દરેક ઇન્દ્રિયને અલગ સલાહ આપી છે. સિલાસ પટેલિયા નોંધે છે કે, " પ્રબળ આશાને ગાતી આ રચના મરણાસન ભાવસ્થિતિનું પણ નિદર્શન કરે છે"[૬] કાવ્યમાં મરણાસન સ્થિતિનો અનુભવ તો થાય છે, પણ સાથે સાથે આશાઓ પણ વ્યક્ત કરી છે જેનો ભાવ આ પંક્તિમાં વણાયો છે.

"મારા નય તેજ તમારું ગુમાવી ન બેસે

કદાચ આ સૂરજ નવા તેજે ઊગે પણ ખરો" ( પૃ. ૦૩ )

સૂરજ તો નિત્યક્રમે હરરોજ જેમ જ ઉગતો હોય પરંતુ કવિએ 'સૂરજ નવા તેજે ઉગે પણ ખરો' 'આ નવું તેજ' કહે છે ત્યારે સૂરજના આ વર્તમાન તેજથી કશો ફરક પડવાનો નથી એટલે નવું તેજ લઈને સૂરજ આવે પણ ખરો એમ કહે છે. એવી શકયતાઓ દર્શાવી નયનને આશા બંધાવી છે. એવી જ રીતે ચરણને અણજાણ કેડીનો સાથ મળવાની, શ્રવણેન્દ્રિયને નવતર પંખીનું ગીત કદાચ સંભળાઈ પણ ખરું, નાશિકાને અજાણ્યું ફૂલ મહોરે પણ ખરું, પ્રકંપિત ટેરવાને તેજલ સ્પર્શનો આનંદકંપ મળે પણ ખરો, રૂપેરીવાણીને શબ્દ કોઈ નવા લયે નિઃસમયમાં તરે પણ ખરો એવી આશાઓ બંધાવી જાગ્રત રહેવાની સલાહ આપી છે. પ્રકંપિત ટેરવા કહે છે ત્યારે એ ખ્યાલ તો આવે છે કે શક્તિ હવે ક્ષીણ થવાની આરે છે. અને એવા સમયે આ પ્રકારની ઇન્દ્રિયોને સલાહ આપી છે.

**મૃત્યુ ને**

કાવ્યમાં પોતાના મૃત્યુ સાથે ફરવા જવાની વાત સહજ રીતે કરી છે. પ્રથમ પંક્તિ જોઈએ,

"મારા મૃત્યુને ઢંઢોળીને મેં કહ્યું

ચાલ આપણે ફરવા જઈએ" ( પૃ. ૧૯ )

મૃત્યુને ઢંઢોળીને ફરવા જવાની વાત સહજ રીતે પ્રગટ થઈ છે. કવિએ પ્રયોજેલો શબ્દ 'ઢંઢોળીને' પણ અર્થની શક્યતાઓને વિસ્તારે છે. એક તો મૃત્યુ પાસે અથવા સામે જ હોવાની શક્યતા છે તો બીજું જેટલા કવિ પોતાના મૃત્યુ પ્રત્યે સજાગ છે એટલું ખુદ મૃત્યુ પણ સજાગ નથી અને એટલે જ કદાચ કવિ ઢંઢોળે છે મૃત્યુને. કોઈ મિત્રને ફરવા જવાનું કહેતા હોય એમ અહીં મૃત્યુ સાથે ફરવા જવાની વાતમાં એક સહજતા છે. 'ફરવા જવાની' વાત પણ એટલી જ માર્મિક છે. ફરવા કોઈ પ્રિયજન સાથે મનુષ્ય જતો હોય, જેની સાથે કોઈ લગાવ હોય પરંતુ મૃત્યુ સાથે ફરવાની વાત કરે છે ત્યારે મૃત્યુનો કવિને ભય નથી. કોઈ પ્રિયતમાની જેમ તેની સાથે વાત કરવાની કવિની ઝંખના હશે. સાગરકાંઠાના ખડકની સાથે અથડાઈને પાછાં ફરતા મોજાઓની જેમ પંખીઓ પોતાના મૌન સાથે પાછાં ફરી જાય એ કવિને ગમતું નથી. તું એકાદ ગીત ગાજે જેથી સાંભળીને પેલા ગીતોને પાછાં આવવાનું મન થાય. એમના આગમનનો પદરવ સાંભળીને હું તારા ખોળામાં માથું મૂકીને ચિરનિદ્રામાં પોઢી જઈશ, અને એવા સમયે આકાશમાંથી એકાદ તારો ખરશે એવા તારાના ખરવાથી પ્રેમની કોઈ અગમ્ય લિપિ રચાશે અને એ જોતાં જોતાં આંખ મીંચીશ એવી ઈચ્છા કવિ વ્યક્ત કરે છે. મૃત્યુ નજીકની નીરવતા કવિને અસ્વસ્થ કરી મૂકે છે. મૃત્યુ પહેલાનું મૌન કવિને જાણે પસંદ નથી એ પંખીઓના અવાજ સાંભળવાની ઇચ્છાનો એક ભાવ અહી

વ્યક્ત થયેલો અનુભવાય છે. આ રીતે આ અછાંદસ કવિતામાં કવિએ મૃત્યુ સાથે સંવાદ કરતા હોય એ રીતે અભિવ્યક્તિ સાધી છે.

## ચાલો

આ કાવ્યમાં જે પરિસ્થિતિનું નિર્માણ થવું કદાચ શક્ય નથી. એવી પરિસ્થિતિ સર્જાય એ પેહલા ધરતીમાં ઢબુરાયેલા બીજને મૃત્યુની કથા કહેવાની વાત કરે છે. અષાઢના વાદળો તીડનાં ટોળાં બનીને ધરતીને ચૂસી ખાય એ પહેલા, વિના મોતે મરેલાની કબરો બની જાય એ પહેલા, પ્રેમની વાતોથી કવિતાનો શબ્દ ફાટી જાય એ પેહલા. પાણીમાં જાળ નાખી ઉભેલો માછીમાર ભગવાન બની જાય એ પેહલા ધરતીમાં ઢબુરાયેલાને મૃત્યુની કથા કહેવાની કવિની ઈચ્છા છે. કવિને આ બધું હવે અશક્ય નથી લાગતું એટલે જ હજી જે ધરતીમાં છે એને મૃત્યુની કથા સંભળાવી દેવાની વાત અહીં થઈ છે

## અવાશે

કાવ્યમાં આરંભની પંક્તિમાં જ પ્રશ્ન કરે છે, એ પ્રશ્નમાં જ કોઈકને સંબોધન કરતાં હોય એવો ભાવ ભળેલો છે. કાવ્ય પંક્તિઓ જોઈએ,

"અવાશે મારી પાછળ પાછળ?

મારા પગ નીચે પાટા નથી

ને પંખીનું પગેરું મળ્યું છે કોઈને?" ( પૃ. ૧૧ )

કવિની વર્તમાન સ્થિતિને સૂચવતી પંક્તિઓ જોઈએ; અવાશે મારી પાછળ ? એ કવિનો પ્રશ્ન છે. આમ પૂછવા પાછળનું કારણ પણ કદાચ એજ કે કવિ કોઈ એવા માર્ગ તરફ જઈ રહ્યા છે કે તેમની સાથે બીજું કોઈ જઈ ન શકે. પંખીનું પગેરું એટલે અહીં આત્માની વાત કરી હોવાનો ભાવ સ્પષ્ટ થાય છે. આત્મા શરીરમાંથી જયારે જાય છે ત્યારે એનું કોઈ પગેરું નથી હોતું કે જેની પાછળ કોઈ અન્ય જઈ શકે. કવિ પોતાની પત્નીને અથવા કોઈ પ્રિય પાત્ર સાથે વાત કરતાં હોય તેવી વ્યાવહારિક ભાષામાં કાવ્યની માંડણી કરે છે.

"મારી હિલોળા લેતી હથેળીઓમાં

કોણ જાણે ક્યારે ખીલશે કમળ –

આજે તો ભભૂકે છે વડવાનલ”  (પૃ.૧૧ )

હથેળીઓ હિલોળા લઈ રહી છે. જે સ્થિરતા હોવી જોઈએ એવી સ્થિરતા આજે હથેળીમાં રહી નથી. એવી હથેળીમાં કમળ ક્યારે ખીલશે એ કોઈ જાણતું નથી. હથેળી જોઈને ઘણાં ભાગ્ય ભાખતા હોય છે પણ અહી કવિની હથેળીમાં એવા કમળ ક્યારે ખીલશે. પછીની પંક્તિમાં પોતાની વર્તમાન સ્થિતિ અને ઇન્દ્રિયો પર થતી અસરને પ્રબળ રીતે વાત મૂકી છે. આજે વડવાનલ ભભૂકી રહ્યો છે.

“મારી શિરાઓમાં અસંખ્ય શ્વેત અશ્વો

ખરી પછાડતાં હણહણતા રણે ચડયા છે

ને મારી આખમાં ચક્રવાકની અનિદ્રાનું ઘોળાય છે ઘેન

અવાશે મારી પાછળ ?” ( પૃ. ૧૧ )

શિરાઓમાં અસંખ્ય શ્વેત અશ્વો એટલે તેમણે લાગુ પડેલો લ્યુકેમિયાનો રોગ જેમાં શ્વેત રક્તકણોની સંખ્યા વધી જાય છે. કવિએ આ ભાવને લય બદ્ધ રીતે વણી લીધો છે. જાણેઘોડાઓ  હણહણતા રણે ચડયા હોય એવીજ અનુભૂતિ કવિએ પ્રગટ કરી છે.  ચક્રવાકની અનિદ્રાનું ઘેન કવિ અનુભવે છે. આખોમાં ઘેનની તીવ્રતા કેવી છે તે ઉપરની પંક્તિમાં પ્રતીત થાય છે.

અનિરુદ્ધ બ્રહ્મભટની મૃત્યુ સંવેદન ઝીલાયું હોય એવી કવિતાઓ જોઈ, પરંતુ તેમની કવિતાઓ આપણે પરંપરાગત મૃત્યુ વિશેની કવિતાઓ જોઈએ એવી કવિતાઓ નથી. અહીં નથી કોઈનું મૃત્યુ કે નથી કોઈ શોક પરંતુ અહીં તો મૃત્યુ સામે સતત ટકી રહેવા મથતા કવિની ચેતના છે. અથવા એમ કહીએ કવિનો મૃત્યુ સાથેનો એક સંવાદ છે, મૃત્યુ જાણે કવિની કોઈ પ્રિયતમાં છે.  કાવ્યમાં વિભા નામના પાત્ર સાથે વાત કરતા હોય એ રીતે કાવ્ય આરંભાય છે. અવાશે મારી પાછળ પાછળ ? એવો પ્રશ્ન પૂછીને પોતાની સ્થિતિને કલ્પન સભર ભાષામાં વ્યક્ત કરી છે.

" મારા પગ નીચે પાટા નથી

ને પંખીનું પગરે મળ્યું છે કોઈને?" ( પૃ. ૧૧ )

પંખીનું પગેરૂ એટલે અહીં કવિ જાણે પોતાના આત્માની વાત કરી રહ્યા હોવાની પ્રતીતિ થાય છે. પોતે હવે જે રસ્તે જઈ રહ્યા છે એ રસ્તે કોઈ પગેરૂ નથી કે કોઈ પાછળ પાછળ આવી શકે. તેથીજ કદાચ આવો પ્રશ્ન કવિએ કર્યો હશે. કવિની વેદનામૂલક સ્થિતિ અહી કલ્પન દ્વારા રજૂ થઈ છે. હિલોળા લેતી હથેળીઓમાં અત્યારે વડવાનલ ભભૂકી રહયો છે. શિરાઓમાં શ્વેતકણોનું હણહણતા રણે ચઢવું શારીરિક વેદના છે. ઝબકીને જોતા જગત ન દેખાવું, પાણીમાં તરફડતી મગરી જેવી મારી વડોદરા નગરી ક્યાં ?, ક્યાં છું હું? આવા પ્રશ્નોમાં અસ્તિત્વ વિહીનતાનો અનુભવ કરાવે છે. એટલે જ કદાચ બહું સ્વસ્થતાપૂર્વક વિભાના હાથને માગે છે,

"લાવ તારો હાથ-

હું ક્યાં છું?

ક્યાં-ક્યાં-ક્યાંના પડઘા પાડતી સારસપંક્તિ

તારા આકાશમાં મધરાતે ઉડી ગઈ છે કોઈ વાર?"( પૃ.૧૧)

કાવ્યમાં અંતે કવિએ હિલોળા ખાતા જળ દેખાય પણ ખરા એમ કહ્યું છે. જેમાં એક આશા વ્યક્ત કરી છે. ગઈ કાલે જ્યાં વડોદરા શહેર હતું એની જગ્યાએ આજે કાળાભમ્મર મોજાં ઉછળી રહ્યાની કવિ પ્રતીતિમાં બધું બદલાઈ ગયાનો ભાવ જ વ્યક્ત થયો છે. પરંતુ અંતે જો કોઈ વહાણ ભૂલું પડે તો ધ્રુવના તારાને સાચવી લેવાની વિભાને સલાહ પણ આપે છે. કવિએ સ્વ વિલીન થતા અસ્તિવને કાવ્યમાં વણી લીધાનો ભાવ પ્રગટ થતો જણાય છે.

## ૩. ૪. ઈશ્વર વિષયક કવિતા

આધુનિકયુગમાં ઈશ્વરના અસ્તિત્વને લઈને ગુજરાતી સાહિત્યમાં પ્રશ્નો ઉભા થયા છે. મોટાભાગના સર્જકોએ ઈશ્વરનો નકાર કર્યો છે. સૌ પ્રથમ તો નિરંજન ભગતની કવિતામાં એકડે એકો પરમેશ્વરને નામે પહેલો મુકો મોટો છેકોની વાતમાં પરમેશ્વરનો નકાર છે. અહીં કહેવાનું તાત્પર્ય એજ કે આધુનિકયુગમાં ઈશ્વર વિશેનો દ્રષ્ટિકોણ જુદો જ રહ્યો છે. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ પણ આધુનિકયુગના સર્જક છે ત્યારે એમની કવિતાઓમાં ઈશ્વર વિશેનું દ્રષ્ટિબિંદુ કેવું છે અને કવિએ તેને કેવી રીતે અભિવ્યક્ત કર્યું છે એ અહીં સમીક્ષાનો વિષય છે.

**'ભગવાન'** કાવ્યમાં ઈશ્વરનો ઋણભાવ વ્યક્ત થયો છે. કશું ન માગવા છતાં ઈશ્વરે જે આપ્યું છે જીવનમાં એની વાત તેમને નિખાલસતાથી કરી છે. પહેલી જ પંક્તિમાં કહે છે.

"મેં ક્યાં ઇચ્છ્યુ કશુંય ઇચ્છયું'તું તારી પાસે ? " ( પૃ. ૩૫ )

ઈશ્વર પાસે કોઈ ઈચ્છા તેમને રાખી ન હતી છતા ઈશ્વરે જલભર્યા વાદળોથી શિરે અભિષેક કર્યો છે. ઇશ્વર નિર્મિત સૃષ્ટિનો પોતાના પર જે ઉપકાર રહ્યો છે જેમાં ઉષા-સંધ્યા, પર્વતો, પુષ્પોનું સુમધુર સ્મિત,માનવીઓની અમીઝરતી આખો. પ્રકૃતિને માનવીઓ દ્વારા ઈશ્વરે ઘણું આપી દીધાનો નિખાલસ ભાવે એકરાર છે. સાથે કવિએ પ્રકૃતિનો મિજાજ પણ રમ્ય રીતે વણી લીધો છે, જ્યાં તેઓ કહે છે

" ઉષા-સંધ્યાના અલપઝલપ રંગોની સુખી આંજી મારા નયનમાં,

પર્વતોમાં સંતાકૂકડી રમતી કેડીઓએ

જીવતું રાખ્યુ મારું અકૈંતવ કુતૂહલ,

પુષ્પોનાં સુમધુર સ્મિત ને માનવોની અમી ઝરતી આંખોએ

ક્યારેય ના કરમાવા દીધાં મારાં સ્વપ્નોને." ( પૃ. ૩૫)

ઈશ્વર નિર્મિત સૃષ્ટિએ કવિના કુતૂહલને  જીવતું રાખ્યું છે. પુષ્પોના સુમધુર સ્મિત અને માનવીની અમી ઝરતી આંખોએ ક્યારેય પોતાના સ્વપ્ના કરમાવા નથી દીધા. રસ્તાની ડાબી બાજુએ જ હંમેશા વાહન હંકાર્યું છે વનોની નીરવતામાં ખલેલ ન પડે એજ કારણે મૂંગા મૂંગા ચાલ્યા કર્યું છે. કોઈની આંખોમાં આંસુ જોઈને સહાનુભૂતિ દાખવી છે. ઇશ્વરે તો આપ્યું છે પણ પોતે પણ જીવનમાં ઉદારતા દાખવી છે. આગળની પંક્તિઓમાં સૂર્ય, પવન, નદી, પર્વતોએ જે આપ્યું છે તેનો ઋણાનુભાવ વ્યક્ત થયો છે. ઊગતા સૂર્યએ હંમેશા ખબર પૂછી, પવને ઝૂલાવ્યા આંગણાના ફૂલ-છોડ, નદીઓના પાણીએ અંતઃ સ્તલ સુધી ભીંજવ્યા છે અને પર્વતોએ ખભે ઊંચકીને રમાડ્યાં છે

" ને ક્યાં નથી મળ્યો મારા હઠીલા પ્રેમનો પ્રતિશબ્દ ?" ( પૃ. ૩૫ )

ને અંતમાં મારે કશુંય નથી જોઈતું ભગવાન એમ કહીને એ માત્ર એક જ ઈચ્છા વ્યક્ત કરે છે કોઈ શિશુની આંગળી પકડી એને રસ્તો ઓળંગાવી દેવાની અને એ હસીને આવજો કહી દે.

## સુન્દરતમ હે!

આ કાવ્યમાં ક કવિની ઈશ્વર મિલનની ઝંખના પ્રગટ થઈ છે. પ્રભુ મિલનની ઝંખના અણુ અણુમાં જાગી છે. ઇશ્વર પ્રત્યેની કવિની આસ્થા અહીં પ્રબળ પણે પ્રગટ થઈ છે. હે સુન્દરતમ તું તો ગાંડો થઈ હંમેશા તારા રૂપનો મહાસાગર રેલી રહ્યો છે પરંતુ કવિ કહે છે,

"તરતી રહે તવ લહર પરે પણ કોરી મારી ગાગર!

ડૂબાડ એને! છલકાવી દે ! લગની એક જ લાગી !" ( પૃ. ૭૬ )

તારી લહર પર મારી ગાગર તરતી રહે છે. અહીં ઈશ્વર સાથે એટલું તલ્લીન નથી થઈ શક્યાંનો વસવસો છે. એટલે જ ડૂબાડીને છલકાવી દે એવી એકજ ઈચ્છા છે. નયને વસંતરંગો અને હૃદયમાં બુલબુલના ઉલ્લાસથી, ચંદનનાં શીતળ પવનની લહર પોતાના શ્વાસમાં વહે એવી અભિલાષામાં કવિની ઈશ્વર આસ્થા

પ્રબળ પણે પ્રગટ થતી અનુભવી શકાય છે. પુષ્પના હાસ્યથી દેહ શણગારી વરણાગી થવાની કવિની ઈચ્છા છે.

## આવો

આ કાવ્યનું શીર્ષક 'આવો' જેમાં આવકાર, આમંત્રણનો ભાવ છે અને કવિ કોણે આમંત્રણ આપે છે એ પણ સ્પષ્ટ છે. કવિ ઈશ્વરને આમંત્રણ આપે છે અને ત્યાર પછીની પંકિતમાં શા માટે આમંત્રણ આપે છે એ ભાવો ભળ્યા છે. આવીને પોતાના અંતરમાં પ્રેમની જ્યોત જગવાની મહેચ્છા પ્રગટ થઈ છે. એક પ્રાર્થના સ્વરૂપે આ કવિતા રચાઈ હોવાનો ખ્યાલ આવે છે. પ્રભુના આવવાથી પ્રભુના પગલે પગલે પ્રફુલ્લશે આંગણે ઝરણાં એવી હૃદયચ્છાનો ઉમળકો છે. સત્ય જ અમારી શ્રદ્ધા બનો ને પ્રે મજ અમારું શૌર્ય. ગાંધીજીના આ ધામમાં અભય બનીએ. તમારા પારશ સ્પર્શથી અમારું જીવન નિષ્કામ બનાવો. તમારી ઝોળીમાં તો આખું બ્રહ્માંડ સમાઈ જાય એવી નાનકડી ઝોળી છે સાગરમાં રહે એ ગાગરમાં અમારું હૃદય ઝબકોળી દેવાની કવિની અરજ છે, પ્રાર્થના છે.

આમ, ઉપરોક્ત કવિતાઓમાં ઈશ્વર પ્રત્યેની કવિની શ્રદ્ધા, આરાધના પ્રગટ થઈ છે. ઈશ્વરનો નકાર આધુનિકયુગના સાહિત્યમાં થયેલો જોવા મળે છે. પરંતુ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના આવા કાવ્યો જોતા તરત ખ્યાલ આવે કે તેમને ઈશ્વરની આરાધના કરી છે. આ રીતે જોઈએ તો એટલું તો સમજાય છે કે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટે આધુનિક કહેવાતા કવિઓથી સહેજ બાજુ પર રહીને અભિવ્યક્તિ સાધી છે. અહીં કહેવાનો અર્થ એ નથી કે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ સંપૂર્ણપણે આધુનિકતાથી દૂર રહ્યા છે. તેમની પાસેથી આધુનિક ભાવસંવેદનોને પમાડતી કવિતાઓ પણ મળી છે. હવે કેટલીક એવી કવિતાઓ જોઈએ જેમાં વિષય, ભાષા, અભિવ્યક્તિના સંદર્ભે આધુનિકતાનો સ્પર્શ થાય છે આ પ્રકારના ભાવોવાળી કવિતાઓ ખાસ અછાંદસમાં રજૂ થઈ છે. ચન્દ્રકાન્ત શેઠ કહે છે "તેમની કવિ પ્રતિભાને અછાંદસ લય વધુ અનુકૂળ આવ્યો જણાય છે. અનિરુદ્ધની વાગ્મિતાની શક્તિ અછાંદસમાં સીધી રીતે ઉપકારક થઈ છે. એમનાં કાવ્યો એમના જ રવાદાર અવાજમાં સાંભળવા એ લ્હાવો હતો." [૭] અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની અછાંદસ કવિતાઓ જોઈએ તો ચોક્કસ ખ્યાલ આવે છે. એમની બોલચાલની વાક્ છટાનો પડઘો આવી કવિતામાં સંભળાય છે.

## ૩. ૫. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની કવિતામાં આધુનિકતા

આધુનિક કવિતા એમ કહીએ છે ત્યારે તેમાં અભિવ્યક્તિ અને સંવેદનની દ્રષ્ટિએ આધુનિક ઉન્મેષો દાખવતી કવિતાનો સમાવેશ થાય છે. આમ તો અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની પ્રકૃતિ, પ્રણય વિષયક ઘણા કાવ્યોની અભિવ્યક્તિમાં આધુનિક તરેહોના દર્શન થાય છે પરંતુ અહી જેમાં આધુનિક સંવેદન સ્પષ્ટ રીતે જોઈ શકાય છે એવા કાવ્યોને અલગ તારવીને ચર્ચા કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

### શરદપૂર્ણિમા

કાવ્યનું શીર્ષક જોતા લાગે કે શરદપૂર્ણિમાના સૌંદર્યની અનુભૂતિ હશે. પણ આ કાવ્ય દ્વારા કવિએ આધુનિક નગરજીવનની વિષમતાઓને તાગી છે. કાવ્યના આરંભમાં જ કશી સૂચકતા પૂરી પાડે છે. કવિના શબ્દોમાં કહીએ તો,

" કહ્યું હતું કોઈકે :

આજે તો શરદપૂર્ણિમાં" ( પૃ. ૨૧ )

કાવ્યમાં આરંભની પંક્તિમાં જ 'કહ્યું હતું કોઇકે' શરદપૂર્ણિમા છે એવો ખ્યાલ કોઈના કહેવાથી આવે છે. આ જીવનની વ્યસ્તતા વચ્ચે ખોવાઈ જતો મનુષ્ય પ્રકૃતિથી કેવો દૂર થતો જાય છે એનો અહીં આ રીતે એક સંકેત મળતો જણાય છે. નીલ સરોરવરમાં વાલ્મિકીનો તરતો મરાલ જોવાની, કાલિદાસની યક્ષ કન્યાનુંમુખ જોઈ ન્યાલ થવાની, ભાસ-ભવભૂતિની શ્વેત-વસ્ત્રા અભિસારીકાની વેણીનું ખરી પડેલું ફૂલ

સૂંઘવાની, કોઈ મુગ્ધ પ્રિયતમાની પ્રીતિનો પ્રથમ શબ્દ સાંભળવાની ઈચ્છા થાય છે. અહીં કવિનો આરંભનો ઉત્સાહ રોમેન્ટિક અભિનિવેશ સાથે જન્મ્યો છે. પરંતુ એ નિલસરોવર જોવા જાય છે ત્યારે થતી નિર્થકતા, વિછિન્નતા, પ્રકૃતિના વરવારૂપની અનુભૂતિને કવિએ અલંકાર, કલ્પનયુક્ત ભાષા દ્વારા મૂકી છે.

" આલ્ફાટને રસ્તે સરી રહ્યા પગ,

જેમ કોઈ અબુધ બાળક કને

આવી ચડેલા ચોપડીનાં પાનાં ફરે તેમ"( પૃ.૨૧)

કવિના પગ અબુધ બાળકના હાથમાં આવેલી ચોપડીના પાના ફરે તેમ સરી રહ્યા છે. અહીં એક પ્રકારની એક નિર્થકતા છે. રસ્તાની બંને બાજુ ઉભેલા આલિશાન મકાનો વચ્ચેથી, ખૈબરઘાટમાંથી પસાર થાય છે ત્યારે પોતે માનવીઓ વચ્ચે હોવા છતાં એકલતાનો અનુભવ કરે છે. આકાશ તરફ નજર કરતા આકાશ પણ સંપૂર્ણ ન દેખાતા આકાશ જાણે કોઈ દુકાનદારે પડીકું બાંધવા કાપી લીધેલા ન્યૂઝપેપેરનો ટૂકડો લાગે છે. જે પણ એક નિરર્થકતાનું સૂચક બને છે. ઉત્પેક્ષા અલંકાર દ્વારા કવિએ આકાશની અનુભૂતિ દુકાનદારે પડીકું બાંધવા કાપેલા ટૂકડા સાથે કરી છે. કવિની નજરને દારુણ યુદ્ધ ખેલ ખેલવા પડે છે. રોડ પરની લાઈટો બાણની માફક વાગી રહી છે ને એમાં પોતે ઘવાય છે વીજળીનો પ્રકાશ પરુના રેલાની જેમ દદડતો અનુભવે છે, રેડીયોના અવાજો ઘા પર બણબણતી માખીઓ જેવા ને મ્યુનિસિપાલિટીની બસ લોહીના ટીપાં જેવી લાગે છે. એક પ્રકારની અરાજકતા સમા અનુભવો થાય છે. શ્વાસ લેવા જગ્યા શોધવી પડે એવી વિછન્નતાનો અનુભવ થાય છે. ચંદ્ર કેવો દેખાય છે એ વિશે ત્યાર પછીની પંક્તિમાં કવિ ચંદ્રનું કલ્પન સાધે છે, ઉત્પેક્ષાનો ઉચિત પ્રયોગ ધ્યાનપાત્ર બને છે.

" જાણે કોઈના મૃત દેહ પર

થીજી ગયેલું અશ્રુ કેરું બિંદુ" ( પૃ. ૨૧)

કોઈના મૃત દેહ પર થીજી ગયેલા આંસુના બિંદુ સમી ચંદ્રની પ્રતીતિ નગરમાં પ્રકૃતિની વિછિન્નતાને પણ ચીંધે છે. ભાવને અનુરૂપ અલંકારયુક્ત ભાષા પ્રોયોગો આ કાવ્યમાં આધુનિક સંવેદનને વધુ ઘેરું બનાવે છે.

એક શીર્ષક વિનાનું કાવ્ય જોઈએ જેમાં આધુનિક સંવેદનોની અભિવ્યક્તિ ઘેરી બનીને પ્રગટ થતી જોઈ શકાય છે. બસમાં ડ્રાઈવર, કંડકટર અને મુસાફરો મુસાફરી કરતા હોય એવું ચિત્ર અંકિત કર્યું

છે. સંવાદાત્મક શૈલીમાં કાવ્ય લખાયું છે. કાવ્ય જોતા સામાન્ય બસ મુસાફરીનું કાવ્ય લાગે. પરંતુ કાવ્યમાં ઘણાં અર્થ સંકેતો કવિએ મૂકી કાવ્યમાં આધુનિક માનવીય સ્થિતિને કેન્દ્રિત કરી છે. જીવન સફરમાં અનેક પડાવો આવે એમજ અહીં જુદાં જુદાં બસ સ્ટોપની વાતને વણી લીધી છે. અચાનક પથ્થરમારો થાય છે.

" બેસો, નીચે બેસો

પથ્થર મારો-નીચે બેસો.

આમ તો જુઓ,ધૂળ ચડી છે" ( પૃ. ૨૪ )

ધૂળ ચડી છે ? આંધી છે? આંધી છે? આંધી છે? અચાનક થતો પથ્થર મારો, ધૂળ ચડવી, આંધી વગેરે જીવનરૂપી મુસાફરીમાં ઉભી થતી અશાંતિના સૂચક પ્રતીત થાય છે. એવામાં રસ્તામાં એક પેસેન્જરને સ્ટેન્ડમાં ઉભેલો જુવે છે ખુલ્લા ડિલે ઉભેલો એ પેસેન્જર એ મોહનચંદ ગાંધી લાગે છે. આંધી છે? આંધી છે? આંધી છે? ને પછી આવતું ગાંધી છે? ગાંધી છે? ગાંધી છે? અહીં પ્રાસ દ્વારા કવિના પોતાના સમયની આંધીભરી સ્થિતિને દર્શાવી છે. આ ગાંધીનો સમય નથી આ બદલાયેલો આંધીનો સમય સૂચક બનતો અનુભવાય છે.

" આશ્રમ ગયો, થોભ હવે તો-

ગામડાં ગયાં, થોભ હવે તો-

શહેર અજાણ્યા, થોભ હવે તો" ( પૃ.૨૫ )

આશ્રમનું જવું, ગામડાનું જવું ને પછી શહેરની વાત બદલાયેલા સમય સંકેતો જોઈ શકાય છે. આશ્રમ ગયો, ગામડાં ગયા એવા શબ્દોમાં કવિએ અર્થપૂર્ણ અભિવ્યક્તિ સાધી છે. 'થોભો હવે તો- એ પંક્તિમાં માણસ આજે અવિરત દોડતા દોડતા ખૂબ આગળ નીકળી ગયો હવે આ ગાંધીનો સમય નથી, શાંતિનો સમય નથી એટલે જ કદાચ કવિ થોભવાની વાત કરે છે. માત્ર આ ત્રણ પંક્તિમાં આપણી સામે ભૂતકાળથી વર્તમાન સુધીનો સમય ખડો થઈ કરી આપવા કવિની કલમ દ્વારા વિષય, ભાષા અને અભિવ્યક્તિનું યોગ્ય સાયુજ્ય રચાયું છે. આશ્રમ ગયો એમ કવિ જ્યારે કહે છે ત્યારે રસ્તામાં આવતા કોઈ સ્થૂળ આશ્રમ સુધીની વાત સીમિત રહેતી નથી. આપણને ભૂતકાળમાં લઈ જાય છે. જે આશ્રમો સ્થાપી ગાંધીજીએ આપણને ગુલામીમાંથી મુક્ત કરવા માટે મહત્ત્વની ભૂમિકા ભજવી, શાંતિ સ્થાપવાના પ્રયત્નો થયા.પરંતુ એવા આશ્રમોનો સમય તો વહી ગયો એટલે જ ત્યાર પછીનો શબ્દ 'થોભ હવે' પાછાં

વર્તમાનમાં લઈ આવે. કવિએ ભૂતકાળ અને વર્તમાનકાળને અહી જોડી આપી બદલાયેલા સમયની સૂચકતા પૂરી પાડી હોવાની એક પ્રતીતિ થાય છે. 'ગામડા ગયાં' શહેરીકરણ જે થયું તેનો ભાવ અહીં પ્રગટ થયો છે. વર્તમાનમાં ગામડા ધીરે ધીરે શહેર બનવા લાગે છે. અથવા તો એમ કહીએ કે માણસોનું શહેર તરફ વળવું જેને લીધે ગામડા તૂટવા લાગે છે. શહેર છે હવે પણ તે અજાણ્યા છે. પછીની પંક્તિમાં જે ભાવ છે જેમાં કોઈક ઊભું છે અને એજ સાકી સમાન લાગે છે.

" થોડેક છેટે કો'ક ઊભું છે

કોઈની ટિકિટ બાકી છે? બાકી છે? બાકી છે?

ભાઈ કંડકટર થોભ જરી તો-

એજ તો મારો સાકી છે, સાકી છે, સાકી છે" ( પૃ.૨૫)

થોડેક છેટે કોણ ઉભું છે એ સ્પષ્ટ નથી. જે જીવનની આવી પરિસ્થિતિમાં ઉગારી શકે. પણ એજ મારી સાકી છે સાકી છે એમ કહે છે ત્યારે એ કોઈક જે કોણ છે એ નિશ્ચિત નથી એજ સાકી છે એમ કહીને જીવનની અનિશ્ચિતાઓ કવિએ સંપડાવી આપી હોય એમ લાગે છે. તેમની કેટલીક રચનાઓમાં આધુનિક નગર સંવેદનો ઝીલાયા છે. બીજું એક શીર્ષક વિનાનું કાવ્ય જેમાં બદલાયેલા સમયનું ચિત્ર સ્પષ્ટ કર્યું છે.

" શહેરની નજીક મારું ગામ

થોડા વર્ષો પછી રહેશે નહીં એનું નામ

ડામરની સડકો પર દોડતું થઈ જશે

એ હાંફે તો એને કો'ક વાર કોકિલના પંચમની રેકર્ડ સાંભળાવજો" ( પૃ.૧૦)

અહીં શહેરીકરણનો પ્રશ્ન છે. પોતાના ગામનું નામ પણ થોડા વર્ષો પછી નહિ રહે, ડામરની સડકો પર દોડતું થઈ જશે. અને એવા સમયે એ હાંફી જાય તો એને પંચમની રેકર્ડ સંભળાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે. શહેરીકરણની હરણફાળ દોડનો પ્રશ્ન કવિએ અહીં નિરુપ્યો છે. તો ગામડાંની બદલાતી વિભાવના કવિને ડંખતી હોય એવી પ્રતીતિ થાય છે.

**બાવળ**

આ કાવ્યમાં કવિ બાવળની જીજીવિષા માગે છે. તારી હજાર શૂળ વડે આકાશને ચીરી નાખ. કવિ નક્ષત્રો ને તારાઓની પેલે પારથી તાજી હવા મળે એની રાહ જોઈ રહ્યા છે. બાવળ પાસે એની જીજીવિષા માગે છે જેમ બાવળ સૂકી ભઠ ધરતીમાં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખે છે એમ જ પોતાને પણ હવે આ સૂકી ભઠ ધરતી પર પોતાના મૂળ રોપી સૂસવાતા વાયરા સામે ઝઝૂમવું છે. કારણકે હવે અહીં જીવવું સહેલું નથી.

" અર્થને નર્થની લમણાઝીકમાં

દરિયાનો રસ્તો ભૂલી ગઈ સરસ્વતી

મારી તરસી આંખોને

ઝાંઝવાના પાણીનો કશોય અર્થ નથી" ( પૃ. ૨૬ )

અર્થ ને નર્થની વાત જીવનના અર્થ સાથે જોડાઈ છે. જીવનનો અર્થ શોધવો વ્યર્થ લાગતો હોય એમ કવિ કહે છે એમાં સરસ્વતી દરિયાનો રસ્તો ભૂલી ગઈ. તરસી આંખોને હવે ઝાંઝવાના પાણીનો કોઈ અર્થ નથી. અગાઉ પ્રકૃતિ કવિતામાં જોયું તેમ ત્યાં વસંત, પવનના આહ્લાદકરૂપોનો અનુભવ કવિએ કરાવ્યો છે, વસંતની અધીરા બનીને રાહ પણ જોઈ છે તો અહીં પ્રકૃતિના તત્ત્વ એવા બાવળની જીજીવિષાની ઝંખના પણ વ્યક્ત થઈ છે. ચન્દ્રકાન્ત શેઠે કહે છે તેમ,"તેમની કવિતા પૌઢી પામતી જાય તે સાથે જીવનની વિષમતાને પ્રત્યક્ષ કરતી વિષાદની ક્ષિતિજોથી બંધાતી જાય છે"[૮] શરદપૂર્ણિમા, બાવળ, શીર્ષક વગરની બસ મુસાફરીવાળી કવિતાઓ જોઈએ તો ચન્દ્રકાન્ત શેઠની ઉપરોક્ત વાત સાથે સહમત થવું જ પડે.

## તોય થાતું

આ કાવ્યમાં વિછિન્ન હોવાનો એકરાર છે. જિંદગીના કણેકણો હાથતાળી દઈ વેરાઈ રહ્યાનો આ અનુભવ છે. એ પણ કેવી રીતે આકડાનાં બીજ ઉડે એવી રીતે. ક્યાં જશે? એ ફૂટશે? ને ફાલશે? કોહવાઈ જાશે? ખોવાઈ જાશે ? એવા એવા પ્રશ્નો પછી કોણ જાણે ! કહે છે ત્યાં અનિશ્ચિતતા છે. એટલે જ બેપરવાહ બની જોતા રહેવા સિવાય બીજું કશું નથી કરતા. પણ એક વસવસો કવિને એ કણોમાં સંઘર્ષણ નથી તેનો છે. સંઘર્ષણ વિનાનું જીવન જીવન નથી લાગતું. કવિએ જાતે જ સંઘર્ષ રચી લેવાની ઈચ્છા વ્યક્ત કરી છે. કોઈ સામે આવે તેવું છેજ નઈ. સંઘર્ષણ જ નથી એટલે હાર કે જીતનો પણ કોઈ પ્રશ્ન નથી. આદર પૂર્વક હાર સ્વીકારી લેવાનો મોકો નથી. આવી પરિસ્થિતિમાં કવિ લાચારીનો અનુભવ કરે છે. સુખાંત

નાટક ભલે ન લખાય પણ અહીં કરુણ અંતનીય શક્યતાઓ નથી. એટલે જ આગળની પંક્તિઓમાં સંઘર્ષણ વિનાની જિંદગી વિશે ઉચ્ચારે છે.

(જિંદગીની ભવ્યતા ના!)

સંઘર્ષણ નથી ત્યાં કશું નથી એવી પ્રતીતિ કવિની છે. પણ પ્રિય સાથેની મિત્રતાની ગાથાનું એક પાનું રચી લેવાની એક આશાને કારણે ખિન્ન છું એમ કહેતા અટક્યા છે. બધી વ્યર્થતા પછી મિત્રતા (સંબંધો) ને લીધે એ ખિન્ન (ગમગીન) છું એમ નથી કહેતા.

## માનશે?

કાવ્યમાં પ્લેટફોર્મ છોડી અંધારામાં વહી જતી ટ્રેનના લાલ દિવાની જેમ આંખની કીકીઓનું સળગ્યા કરવું, ગોરંભાતી રાત, આખી રાત ઊંઘ ન આવવી, ઘરનો થાભલો બાજુએ ખસી જવા જેવી અનુભૂતિ કવિની વેદનામૂલક પરિસ્થિતિને સૂચવે છે. દરિયો અટવાઈ ગયો સરુના વૃક્ષમાં હવે પાણીના વેહવાનો અર્થ પૂછવાથી કોઈ અર્થ નથી. ડુંગરાય ડોલી ઉઠે, પથ્થરની મૂર્તિનેય આવે આસુ એવું કોઈએ કહ્યું હતું તે યાદ કરે છે. એટલે જ ગોરંભાતી રાતને થરથરતા પ્રભાતની વાત કહેવાનું કવિનું મન છે. ડુંગરા ડોલવા, પથ્થરની મૂર્તિને આસુ આવવા એ અશક્ય ઘટના છે. પરંતુ કવિની આશા જીવંત છે. જે કદાચ શક્ય જ નથી છતાં એવું બને એવી આશાએ પ્રભાતની ઝંખના છે. પરંતુ આકાશ ઊંચે ચાલ્યું ગયું છે એટલે આ રાત ક્યારે ખૂટશે એ પણ પ્રશ્ન છે? આમ આ કાવ્યમાં આલંકારિક ભાષા દ્વારા વેદનામૂલક નિજી સંવેદન સાધ્યું છે.

## એક કાવ્ય

આ કાવ્ય નવરોઝ સુવર્ણચંદ્રક વિજેતા કાવ્ય છે અને દીર્ઘ કાવ્ય છે. જેમાં પ્રથમ પંક્તિમાં વિખુટા પડયાનો ભાવ વ્યક્ત થયો છે. આપણે એવી રીતે તો છુટા નહોતું પડવું જોઈતું વિભા, ટ્રેન તો બીજી પણ આવત, સાંજ તો બીજી પણ પડત, સ્ટેશન તો બીજું પણ મળેત અને અમેરિકા તો બીજો પણ શોધાત એમ કહી બધું જ શક્ય હોવાની વાત કરી છે. પણ છૂટા પડી ગયા પછી કદાચ ફરી ન મળી શકાય. પાછા ફરતા કવિને જે પ્રતીતિ થાય છે એને અલંકારયુક્ત ભાષા વડે રજૂ કરી છે,

"ઠેર ઠેર પર્વતો ઊગી નીકળ્યા છે,

રસ્તાઓ નદીઓ બનીને વહેવા લાગ્યા છે.

બસ, થોભો'ના થાભલાઓ કાંટાળા ઝાડ બની ગયા છે

લારી ખેંચતી મારવાડણોનાં સ્તનો

સફરજન બનીને લટકી રહ્યા છે;" ( પૃ. ૧૪ )

એક અસ્વસ્થતાની અનુભૂતિ આકારિત થઈ હોય એમ જણાય છે. ઠેર ઠેર પર્વતોનું ઊગી નીકળવું એ શૂન્ય થતી ભાવસ્થિતિનું સૂચક જણાય છે. રસ્તાઓનું નદી થઈને વહી જવું, ઘોર અરણ્ય વચ્ચે સરી રહ્યાની વાત પણ કવિના એજ ખાલીણાના ભાવને સૂચવતું જણાય છે. બાહુક બનવાના સ્વપ્નો સાથે રમવાની વાત કરે છે જેથી કોઈ કહેતા કોઈ પોતાને ઓળખી જ ન શકે. રેલના પાટા, વડોદરાની, શેરીઓના ટપકતા નળ, રવીબાબુની કવિતા કે સારેગામાનો સા પણ પોતાને ઓળખી ન શકે. હું કોણ છું ? નો પ્રશ્ન કાવ્યમાં મહત્ત્વનો બને છે. પોતે અયોધ્યાનો રામ, ગોકુળનો શ્યામ, વિદેહી જનક કે મુનિ સનક, દુર્વાસા કે નળ, નરસિંહ મહેતાને નાહવાનું ઉષ્ણઓદ્ક નથી તો હું કોણ છું ? આ કાવ્યના ભાવસંવેદનને અભિવ્યક્ત કરતાં સુરેશ દલાલ કહે છે, " પોતાની ઓળખાણને ભૂસવાની અને તલાશવાની વાત છે. જે વાતના મૂળમાં પ્રણયની વિફળતાનો અનુભવ કરે છે" [૯] એ રીતે સ્વ-ઓળખની આ કવિતા છે એમ કેહવું ઉચિત છે. સ્વપ્ના તો રેતીના પ્હાડ સરખા ને ઉનાળામાં પલાશના ઝાડ સમા લાગે છે.

" મારા નગરમાં તો હવે રોજ ધરતી કંપ થાય છે

ત્યારે ત્યાં નથી થતા" ( પૃ. ૧૪ )

વિફળતા પછીની આ અનુભૂતિને કવિએ વ્યંજનાસભર ભાષા દ્વારા સાધી હોવાની પ્રતીતિ થાય છે. અવાય તો આવજે કો'ક વાર. આવશે ત્યારે ગ્રીષ્મમાં ગુલમહોર, સવારે શિરીષ, રાત્રે રજનીગંધાને વર્ષામાં આવીશ તો મોગરો મળશે. પછી તરત 'ના',બહુ વિચારવું નહિ; નહિતર તારા દરિયા પર જંગલ ઊગવા માંડશે. દરિયા પર જંગલનું ઉગવું અશક્ય છે. આવી અસંભવિત ઘટનાઓને સાંકળી છે. દરિયા જેટલી વિશાળતા કદાચ કવિ સામે પક્ષે જુવે છે' દરિયા પર જંગલ ઊગી નીકળે તો દરિયાનું અસ્તિત્વ જ જોખમાય. તેવી પરિસ્થિત ન સજાઈ તે માટે વધારે ન વિચારવાની સલાહ આપે છે. સુરેશ જોશીનું 'મૃણાલ, મૃણાલ'કાવ્ય પણ આજ પ્રકારનું છે. વાસ્તવિકતાને પામી ગયા પછી પોતાની ચાલ આ ધરતી પર બદલી નાખે છે. રસ્તે ચાલતા સાપનું સામા મળવું ને કવિનું એક ઢેફુ ઊંચકી લેવું પણ એ ઢેફા નીચેતો અનેક જાતના સાપ સરવળતા દેખાય. જગતની વાસ્તવિકતાને કવિએ કંડારી હોય એમ જણાય છે. એક સાપને મારવા ઢેફુ તો લઈ લે છે પરંતુ એવા તો અનેક સાપ છે. એટલે પોતાની ચાલ બદલી નાખવા સિવાય

બીજો કોઈ રસ્તો નથી. આખીય વાતને પ્રતીકાત્મક રીતે વણી લીધી છે. આવા કાવ્યોમાં અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ જીવનની વાસ્તવિકતાને ઉજાગર કરતા રહ્યા છે.

## એક પ્રશ્ન ?

આ કાવ્યમાં નાયિકાને સમજાવવાનો પ્રયત્ન કરતા હોય એમ એક પછી એક પ્રશ્નો રજૂ કર્યા છે. આરંભની પંક્તિઓ જોઈએ,

" લહેરાતા તરંગો મારામાં જોઈ
ઝંપલાવવા ઈચ્છા કરો છો
પણ હું સરોવર નથી " ( પૃ. ૦૬ )

હું સરોવર નથી, તમે આરોહણ કરવા ઈચ્છો છો પણ હું પર્વત નથી, તમે મારા કિનારે નાવ ઝુકાવી સામે પર જવા ઉત્સુક છો પણ હું સમુદ્ર નથી, તમારી વેદના ઠારવા મારી પાસે આવ્યા પણ હું ચંદ્ર નથી, તમારી ઉષ્મા માટે હું સૂર્ય નથી, અજાણ્યા પ્રદેશો જોવાની તમારી ઈચ્છા હોય પણ હું વન નથી કાવ્યને અંતે તમે જો મારામાં વન, પર્વત, સરોવર, ચંદ્ર જોયા હોય તો બતાવશો મને એમ કવિ સ્પષ્ટ કરે છે. અહીં કાવ્યમાં હું કોણ છું એ સ્પષ્ટ નથી. પોતાની 'સ્વ' ઓળખ કરવી પણ સહેલી નથી. યોગેશ જોષી કહે છે "ચિત્રકારોએ landscape (ભૂ-દ્રશ્ય) ચીતર્યા હશે. પણ અહીં heart scape (હદય-પરિદ્રશ્ય ) ચીતર્યું છે. જર્મન કવિ રિલ્કેએ ઘણી વાર inner space ( આંતર અવકાશ ) ની વાત કરેલી. પરિદ્રશ્ય પણ રિલ્કેનો પ્રિય શબ્દ. અહીં પણ કવિએ out space ( બાહ્ય અવકાશ ) અને આંતર વચ્ચેના સંબંધનું સ્થાપત્ય ઘડ્યું છે. બાહ્ય અવકાશ કરતા આંતર અવકાશના પરિણામ અનેક ઘણાં વધારે લોકોને ભલે બાહ્ય અવકાશની જ પડી હોય, કવિને મન તો આંતર વૈભવ જ અગત્યનો."[૧૦] આમ, સ્વ ઓળખ પામવાની કવિની મથામણ હોય એમ આ કાવ્યનો કલ્પનસભર ઉઘાડ થયો છે. પોતે કોણ છે ? એ પ્રશ્ન તેમના આંતરવિશ્વ સાથે જોડાયેલો છે.

## અભિસાર

કાવ્યમાં અભિસારે નીકળતા થયેલી અનિભૂતિ કેન્દ્રમાં છે. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની અલંકારિક ભાષા, કલ્પનોના પ્રયોગો વિશિષ્ટ કહી શકાય તેવા છે. પવન માટે સાધેલું કલ્પન જોઈએ તો એનો વધુ ખ્યાલ આવશે.

"ત્યાં હાડપિંજર-શો પવન

બેબાકળો પાછળ ધસ્યો-

ભાંગી ગયેલી ખોપરીના

અધખૂલા જડબા મહીથી આવતો

શો શીત સૂકો શ્વાસ" ( પૃ.૫૨)

પવનને હાડપિંજર સાથે સરખાવી ઉપમા અલંકાર સાધ્યો છે. જેના દ્વારા પવનની ક્ષીણતા તો સાથે પ્રગટતી ભયાનકતા પણ અનુભવી શકાય છે. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના આવા કલ્પનો ગુલામ મોહમ્મદ શેખની ચિત્રાત્મક શૈલીનો લય આવા કાવ્યમાં અનુભવી શકાય છે. અને એ રીતે સમકાલીન કવિતા સાથેનું અનુસંધાન પણ જોઈ શકાય છે. આગળ કવિએ પવનના અગોચર હાથ બધે પસરી રહીને તાડ વૃક્ષોના સુકાઈ ગયેલા પર્ણમાં એના હાસ્યના કારમાં પડઘાની અનુભૂતિ કરી છે. રાત થંભી ગયેલી, થીજી ગયેલી, ફિક્કી પડી ગયેલી અને એનો સન્નાટો પણ કવિએ કલ્પન દ્વારા ઉત્કૃષ્ટ રીતે સાધ્યો છે,

"કંઠમાં આવી ગયેલી ચીસ એની

પંખીના નવજાત શિશુની

વણખૂલેલી ચાંચમાં પોઢી ગઈ" ( પૃ. ૫૨)

આમ, કવિ ભાવ સભર કલ્પનો દ્વારા પ્રકૃતિની વિછિન્નતા પ્રગટ કરે છે.

## વડોદરા, શેખ અને હું-

આ કાવ્યમાં સમય સાથે બદલાયેલું વડોદરા કવિએ અંકિત કર્યું છે. વર્ષો પહેલાનું વડોદરા બદલાઈ ગયાની કવિની પ્રતીતિ છે. આરંભમાં કવિ કહે છે " આપણે આવ્યા તે રસ્તા તો હવે બદલાઈ ગયા છે" અહીં કવિનું સીધું કથન છે. પરંતુ ત્યાર પછી કલ્પનયુક્ત ભાષા વડે બદલાયેલા સંદર્ભને ચીંધ્યો છે. એક સમયે હરિયાળા વનો હતા તેને બદલે ધોળા ઘોડાના મુખમાંથી સરી ગયેલું ઘાસ જ બચ્યું હોય એવી અનુભૂતિ કવિને થાય છે. એ અર્થમાં એક પ્રકૃતિની વિછિન્નતાનો અનુભવ છે. ઘોડાના મુખમાંથી સરી ગયેલું ઘાસ છે. એટલે એ ઘાસ એના મૂળ સ્વરૂપે નજ હોય એ કાતો ચવાઈ ગયેલું કે કોહવાઈ ગયેલું

પણ હોઈ શકે. આગળ કવિએ સાધેલું કલ્પન પણ એવાજ પ્રકૃતિના બદલાયેલા રૂપને ચીંધે છે. ભાવને અનુરૂપ કલ્પનો કવિની વિશેષતા તરીકે નોંધી શકાય એમ છે. જ્યાં કવિ કહે છે.

"આદિવાસી કન્યાના લલાટ પરનો સૌભાગ્યચંદ્ર

બની ગયો છે કાળો સૂર્ય"( પૃ.૩૩ )

આદિવાસી કન્યા કહ્યું છે ત્યારે આદિવાસી પ્રજા વન, પ્રકૃતિ સાથે જોડાયેલી રહી છે. એટલે અહીં વન પ્રકૃતિની કુરૂપતા કવિ અનુભવે છે. સૌભાગ્ય ચંદ્ર પણ હવે કાળા સૂરજ રૂપે પ્રતિત થાય છે. યુનિવર્સિટી રોડ પરના વૃક્ષોના પડછાયા પેરિસના મકાનો જેવા રસ્તા પર ઢોળાતા લાગે છે. આવા કલ્પનો દ્વારા બદલાયેલા વડોદરાને શબ્દસ્થ કરવાનો પ્રયત્ન કર્યો છે.

## સાંજ

આ કાવ્યમાં ચંદ્ર, હવાની થયેલી કુરૂપ અનુભૂતિને આકારિત કરી છે. કવિને ચન્દ્રની પરિસ્થિતિગત થયેલી જુદી જુદી અનુભૂતિ આપણે આ સંગ્રહમાં જોવા મળે છે.

" -ચંદ્ર પેલો

વાગોળ-શો નતમસ્તકે લટકી રહ્યો,'" ( પૃ. ૫૧)

ચંદ્ર વાગોળની જેમ લટકી રહેલો કવિ ને લાગે છે. ચન્દ્રને વાગોળની ઉપમા આપી છે. તો હવા કવિને મૃતશીતા જેમ કોઈ ભક્ષ્યને ભરખી જવા થંભી ગયેલી ગરોળી આકાશમાં ચોંટી રહયાની પ્રતીતિ કરાવે છે, ને શહેરના દીવાઓ ફટકી જઈ કોઈ મૂર્ખની આંખો જેવા લાગ્યા છે. અને અંતે કવિ છાયા ઉતરડી ચાલ્યાજવાની વાત કરે છે.

## તમારી વચ્ચે

કાવ્ય સંગ્રહમાં અન્ય કેટલાંક કાવ્યોમાં કવિ કલ્પનો દ્વારા અભિવ્યક્તિ સાધે છે એવી રીતે આ કાવ્યમાં પણ કવિ કલ્પનો દ્વારા ભાવ, પરિસ્થિતિને અનુરૂપ કલ્પનો સાધે છે.

"મંદિરના ગર્ભમાનો સૂકો અંધકાર

એકાકી દીવાની જ્યોતને

ચાટતો-આળોટતો

બહારના વૃક્ષોએ

ધીમેથી વાત કરી લીધીઃ

પાનખર આવી કદી નોહતી બેઠી!" ( પૃ. ૦૪)

પાનખરની વાત એ માત્ર સ્થૂળ પાનખરના સમયથી પર છે ત્યાં જીવનના પાનખરનો  સમય સંકળાયેલો જોઈ શકાય છે. ભગવાનની સામે ઊભા રહીને જાતને સંકોરવા મથતા દિવા પેઠે કવિ પોતાની જાતને સંકોરવા ઉભા છે. મંદિરનો દીવો જે થોડી જ વારમાં હોલવાઈ જશે, અને એ હોલવાઈ જવા પૂર્વેની ક્ષણને કવિ પકડે છે અને તેની સાથે સ્વનું અનુસંધાન રચે છે. પણ એતો વહાણોના કાફલા, બરફના શિખરો, ખરેલા પર્ણો અને તમારી વચ્ચે વેરાઈ જાય છે. કાગળની રંગીન હોડીમાં સાત સાત સાગર પાર કરવાની ઈચ્છાઓ બાળપણ કાંધે ઉપાડીને ચાલ્યું ગયું એવી કવિની પ્રતીતિ અધૂરી રહી ગયેલી ઈચ્છાઓ, સ્વપ્નાઓને ચીંધે છે એમ કહેવું ઉચિત જણાય છે.

## તારો હાથ

કાવ્યમાં કવિએ પ્રથમ પંક્તિમાં અસ્તિત્વનો પ્રશ્ન છેડ્યો છે, તેઓ કહે છે

" આ જિંદગી –

પાણી પરની લીલ

તે હાથ બોળ્યો

ને  રંગબેરંગી ત્યહીં

કો' માંછલી આવી ચડી .

શ્વેત ફિક્કી ને લીસી

શી ચામડી ચમકી રહી !

ને ક્ષણ મહીં ઘસડાઈ ગઈ " ( પૃ. ૫૬ )

કવિને આરંભે જીંદગી પાણીની લીલ જેવી લાગે છે. પાણી ઉપરની લીલ કહે છે ત્યારે લીલનો પાણી સાથેનો સંબંધ પાણીના અસ્તિત્વ સુધીનો જ છે. જીવનને કવિ લીલ સાથે સરખાવે છે. લીલ માફક જીવન પણ ક્યારે સુકાય તે નક્કી નથી. એટલે અનિશ્ચિત જીવન તરફનો આ એક સંકેત હોવાનું જણાય છે. બીજી પંક્તિમાં 'તે હાથ બોળ્યો' એ શબ્દો કવિના જીવનમાં કોઈના આવવાની સૂચકતા પૂરી પાડે છે. હાથ તો માત્ર બોળ્યો જ હતો. એટલે તેનું જીવનમાં આવવાની ઘટના તો હજી હમણાં જ બની હતી. સંસાર જીવનના અલ્પ આયુમાં મૃત્યુ સામે ઝઝૂમવાનું આવ્યું છે ત્યારે સહજ છે કે આ પ્રકારનો એક ભાવ તેમનામાં જન્મે., અહી કોઈ પ્રિય પાત્રની કવિ વાત કરતાં હોવાની પ્રતીતિ થાય છે. એવા સમયે કોઈ માછલીનું આવી ચઢવું ને ઊંડે સુધી ઘસડાઈ જવા જેવી ઘટના બને, એ રીતે મિલન અને ત્વરિત વિખૂટા પડયાના ભાવને ઉચિત કલ્પન સભર ભાષા દ્વારા આકારિત કર્યો છે.

ઉપરોક્ત કવિતાઓને જુદાં જુદાં વિભાગમાં વહેંચીને જોઈ. પરંતુ આ ઉપરાંત પણ 'કિમપિ' કાવ્ય સંગ્રહમાં કેટલીક કવિતાઓ ધ્યાનપાત્ર બને છે. આ ઉપરાંત અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ પાસેથી શબરી, રાવજી, દરિયે, નજરું, ક્યારે, જેવા શીર્ષક હેઠળ કવિતાઓ મળે છે, તો એક શીર્ષક વિનાનું બાળ ગીત પણ જોવા મળે છે. આ સંગ્રહમાં પ્રાપ્ત થતાં 'હાઈકુ' ને પણ અહીં સમાવીને સમીક્ષા કરી છે.

## શબરી

આ કાવ્ય એક ગીત સ્વરૂપમાં લખાયેલું છે.

" એક ભીલડીએ તપોવન સીંચ્યા કે શબરી વનવાસી

ડાળે ડાળે ફળફૂલ કંઈ હીંચ્યાં કે શબરી વનવાસી" (પૃ.૭૦)

રામની વાટ જોતી શબરીને કેન્દ્રિત કરી લયબદ્ધ ગીત રચ્યું છે. પંપા ને કાંઠે રહેતી શબરી ભીલ જાતિની અને તેને જે રીતે રામની વાટ જોઈ તપોવન સીચ્યાં, વાયરા સાથે રામની વાત કરતી, રામને ક્યાં ક્યાં ફળ ભાવે એ પૂછતી ઝાડ ઝાડે ફરી ચાખી ચાખી મીઠાં ફળ અલગ કરી રાખે, આ આખીય પૌરાણિક કથાને સુમધુર લય દ્વારા મૂકી આપી છે.

**'રાવજી'** કાવ્ય ગુજરાતી કવિ રાવજી પટેલ જેવા મિત્રને સંબોધીને લખાયું છે. અધવચ આંબા વેડવા ને ધોરી માર્ગ ખેડવા જેવા શબ્દોમાં રાવજીના મૃત્યુને ગીતના ઢાળમાં રજૂ કર્યું છે. ધોરી માર્ગ ખેડવા એટલે

એવો માર્ગ છે જયાં કોઈ જઈ ન શકે, જેમાં પગેરું ન હોય અને અધવચ આંબા વેડવા એટલે ઓછી ઉંમરે આ ધરતી ઉપરથી વિદાય લેવાના રાવજીના મૃત્યુ પ્રસંગનો આઘાત વ્યક્ત કરે છે.

"રાવજી, વાત હતી એ સાચી

રાવજી, કાયા માટી કાચી" ( પૃ. ૭૪ )

કાયા તો કાચી માટીની છે એજ જીવનની વાસ્તવિકતાનો અનુભવ રાવજીના મૃત્યુ પ્રસંગે કવિને થાય છે. કાયા માત્ર કાચી માટી સિવાય કશું નથી એમ કવિ બરાબર સમજી જાય છે. આ પ્રકારનાં ગીતોમાય કવિ જીવનના નર્મ-મર્મને પમાડતા રહ્યા છે.

**'ક્યારે ?'** અને **'નજરું'** જેવા કાવ્યોમાં આધ્યાત્મિકતાનો સંસ્પર્શ પમાય છે. જે સંત ને ઉદ્દેશીને લખાયા છે. કોઈ સંતને કહેતા હોય એ ભાવે કહે છે. મારી ફૂલવાડી ક્યારે મહેકશે? વાયરાની લ્હેરખી એક પણ ન હોય છતાં સરોવરના નીર હેલે ચઢે છે ભીતરમાં કોઈ અજાણ્યો કંપ સૂતેલી વીણા જગાડી જાય છે.

**'નજરું'** ગીતમાં વાદળી એક પણ નહોય છતાં મધરાતે મોરલો બોલે છે, ભાન ભૂલીને કોયલ ટહૂકી ઉઠે છે. પણ આંબો મોહર્યો નથી, હરણાં દોટ લગાવે છે પાણી માટે પણ ત્યાં સરોવર ન હતા, રણઝણ રણઝણ વીણા વાગે પણ સૂર કોઈ જાગતો નથી, નમણા કમળના પાન ખીલે છે પણ ઝાકળનું બિંદુ જ નથી, અધરાતે પોપચાં ખુલી જાય છે પણ વીજળી ઝબૂકતી નથી. અંતની પંક્તિઓમાં કહે છે કે,

" સંતજી નજરૂની એવી શી લીલા

કે સઢ સૌ ફરકી ઉઠ્યા રે લોલ" ( પૃ.૭૭ )

નજરૂની કેવી લીલા છે કે સઢ બધા ફરકી ઉઠે છે. નજરૂની લીલા છે કે બધું શક્ય બની જાય છે. એક આધ્યાત્મિક અનુભૂતિ છે. કાવ્યમાં અંતે આવતા 'રે...લોલ' શબ્દો દ્વારા ગીતનો લય અનુભવી શકાય છે.

**'દરિયે'**કાવ્યમાં મિત્રને દરિયે જવા કહેતા હોય એવા અભિધાના સ્તરે જ અભિવ્યક્તિ સાધી છે પરંતુ બીજા અર્થમાં અનંત બ્રહ્મ તરફ જવાની વાત પણ સૂચિત થાય છે. એ પણ ગમે તે પરિસ્થિતિમાં જવાની તત્પરતા છે ભલે તૂફાન ગાજે પણ દરિયે જાવું છે. સઢ બાંધવાનું લાકડું તાણીને બાધી લે દરિયે જાવું છે. આવા ગીતોમાં પણ કવિની આધ્યાત્મિક ભાવનાના દર્શન થાય છે. કવિએ લઘુરચનાઓમાં સાધેલી અભિવ્યક્તિ પણ પ્રમાણવા જેવી સચોટ ને માર્મિક છે. કવિ વિશે ત્રણ પંક્તિમાં આપેલું કાવ્ય જોઈએ,

"કેમ છે? " મેં પૂછ્યું

હસીને એ બોલ્યા

જીવું છું હજી" ( પૃ. ૮૦ )

કેમ છે એવું કોઈના દ્વારા પૂછાય છે ત્યારે હસીને જીવું છું હજી એવો ઉત્તર આપતા કવિની સ્વસ્થતા પામી શકાય છે. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના સ્વભાવની લાક્ષણિકતા કે કોઈ પણ સ્થિતિમાં મસ્ત રહેવાની ભાવનાના દર્શન થાય છે. બીજું એ પણ કે સરળતા અનિરુદ્ધ બ્રહ્મભટ્ટમાં હતી તે પણ આવા નાનકડા કાવ્યમાં જોઈ શકાય છે. તો બીજું કાવ્ય જોઈએ જેમાં તેઓ કહે છે,

" સૂર્ય આંધળો

પૃથ્વીનીઆંખેપાટા

૧૯ મા દિવસનું પ્રભાત

કવિની આંખ....? " ( પૃ. ૮૦ )

સૂર્ય આંધળો અને પૃથ્વીની આંખે પાટા. અહીં સૂર્ય એટલે દ્રુતરાષ્ટ્ર અને પૃથ્વી એ ગાંધારી રૂપે પ્રતીત થાય છે. મહાભારતનું યુદ્ધ પતી ગયા પછીનો ૧૯ મો દિવસ. કવિએ બહુ જ ઓછા શબ્દોમાં આખીય સ્થિતિ દર્શાવી આપી છે. એ પણ જાણે કોઈ પ્રકૃતિની વાત કરતા હોય એવી રીતે. કવિની આંખ....? અહીં કદાચ વિદુરની વાત કવિએ કરી હોય એવી પ્રતીતિ થાય છે.

'હાઈકુ' માં અનિરુદ્ધ બ્રહ્મભટનું ખેડાણ રહ્યું છે. ગુજરાતીમાં હાઈકુના પ્રથમ પ્રયોગકર્તા તરીકે તેમનો ઉલ્લેખ થાય છે. ધીરુભાઈ ઠાકર નોંધે છે કે" ગુજરાતીમાં હાઈકુનો પ્રથમ પ્રયોગ કરનારાઓમાં દિનેશ કોઠારી અને અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના નામ નિર્દેશાય છે"[૧૧] આમ,એ દ્રષ્ટિએ પણ તેમનું હાઈકુમા પ્રદાન મહત્ત્વનું કહી શકાય. જોકે સંખ્યાની દ્રષ્ટિએ તેમની પાસેથી વધારે હાઈકુ મળ્યા નથી. પણ જેટલા મળ્યા છે એમાં મર્મલક્ષી વેધકતાનો સંસ્પર્શ અનુભવાય છે. અને આરંભ કર્તા તરીકે પણ તેમનું પ્રદાન નોંધવું જ રહ્યું. એમના હાઈકુ જોઈએ,

**'આવજે'** કાવ્યમાં વ્યક્ત થયેલો પ્રીતિભાવ જોઈએ,

" પ્રીતની તારી છરીને ધાર તીણી

કાઢવાની હોય તો (પ્રિય,) આવજે

સૂના પડેલા એકલા મુજ ઉરના પથ્થર પરે" ( પૃ. ૮૧ )

પ્રિયને ઉદ્દેશીને કહે છે તારી પ્રીતની છરીને ધાર તીણી કાઢવી હોય તો આવજે. પ્રીતની છરી જાણે ઘસાઈને બુઠ્ઠી થઈ ગઈ હોય ને એને તીણી ધાર કાઢવાની હોય તો પ્રિયતમાને આમંત્રિત કરે છે. એ પણ સૂના પડેલા એટલે પ્રિય વગર એકલા પડી ગયેલા અને પ્રિય વગર ઉર (હૃદય) પથ્થર બની ગયું હોય એમ ઓછા શબ્દોમાં વિયોગ વ્યક્ત થયો છે.

"નાગાસાકીમાં

માનવ-આત્મા પર ફડફોલા

નળિયા પર ઊપસ્યા પરપોટા" ( પૃ. ૮૧ )

અહીં કવિએ અમેરિકા દ્વારા જાપનના નાગાસાકી પર ફેકાયેલા અણુબોમ્બની ભયાનક ઘટનાને વ્યંજિત રીતે રજૂ કરી છે. માનવ આત્મા પર ફડફોલા જેમ નળિયા પર પરપોટા થાય એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

" આ એક ચંદ્ર

સાચું કહું ? માનશો ?

ઓછો પડે છે!" ( પૃ. ૮૨ )

એક ચંદ્ર ઓછો પડે છે. કવિએ ચન્દ્રના જુદા રૂપો કાવ્યસંગ્રહમાં વ્યક્ત થયા છે. પાનખરના ખરેલા પાંદ-શો, શબના થીજી ગયેલા અશ્રુબિંદુ સમો લાગ્યો છે. કવિએ સૂર્યને જુદા જુદા સંદર્ભે વણી લીધો છે.

" આંસુ ખુશીના

આંસુ હો વિષાદના;

બન્નેય ખારા" ( પૃ.૮૨ )

આમ સુખદ હોય કે દુઃખદ પરંતુ બન્ને પરિસ્થિતિમાં આવતા આસુ ખારા જ હોય છે એવો ભાવ વ્યક્ત થયો છે. ચન્દ્રકાન્ત શેઠ નોંધે છે કે " અનિરુદ્ધભાઈની આ કવિતાનું પૂર્વકાલીન તેમજ સમકાલીન કવિતા

સાથેનું સ્પષ્ટ છે. ઉમાશંકર, નિરંજન, રાજેન્દ્ર શાહ, સુરેશ જોષી, ગુલામ મહોમ્મદ શેખ, લાભશંકર વગેરેની કાવ્ય તરેહોનું સ્મરણ કરાવે એવા તત્વો આ કવિતામાં સહેલાઈથી જડે છે, તેમ છતાં અનિરુદ્ધ ખુબજ ઝડપથી કવિતામાં પોતાની આગવી મુદ્રા ઉપસાવવા તરફ વળ્યા જણાય છે."[૧૨] ઉપરોક્ત ચન્દ્રકાન્ત શેઠના વિધાન સાથે સહમત થવું પડે ચંદ્રકાન્ત સેઠનું ઉપરોક્ત તારણ યથાર્થ છે. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની કવિતાઓમાં રાજેન્દ્ર શાહ, સુરેશ જોષી, ગુલામ મહોમ્મદ શેખના કાવ્ય તરેહો જોવા મળે છે.

આમ, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની કવિતામાંથી પસાર થતા કાવ્યોમાં વિવિધ વિષયોનું થયેલું ખેડાણ ધ્યાનપાત્ર બને છે. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ આધુનિક યુગના સર્જક છે. પરંતુ ઈશ્વર આરાધનાથી માંડીને પ્રકૃતિ પ્રણયભાવો પણ તેમની કવિતાના એક પ્રાણતત્ત્વરૂપે આવ્યા હોવાની પ્રતીતિ કરાવે છે. પ્રકૃતિની આહ્લાદકતા પોતે પામી છે, પ્રકૃતિના હ્રાસની અનુભૂતિ પણ તેમણે અનુભવી હોવાની પ્રતીત તેમના કાવ્યો કરાવે છે. તો આધુનિક નગર સંવેદન, આધુનિક માનવીય સંવેદનો પણ તેમને કલ્પનસભર ભાષામાં ઝીલ્યા છે. તેમની કવિતાઓમાં કલ્પનોની વાત કરતા સિલાસ પટેલિયા નોંધે છે તેમ "અનિરૂદ્ધની રચનાઓમાં ગૂંથાતા આવતા દ્રશ્ય,શ્રાવ્ય, ધ્રાણ્ય અને સ્પર્શ્ય કલ્પનોની લીલા કાવ્યને તાજગી આપે છે".[૧૩] ઉપરોક્ત તારણ યથાર્થ કહી શકાય. તેમની ખાસ તો આધુનિક સંવેદનો ઝીલતી રચનાઓ કલ્પનોની તાજગી સભર અભિવ્યક્તિને લીધે આસ્વાદ્ય બનતી જણાય છે. તેમની અલંકારયુક્ત રચનાઓનું વિશ્વ પણ પામવા જેવું છે. ખાસ તો એમની રચનાઓમાં પ્રયોજાયા હોય એવા અલંકારોમાં ઉપમા, સજીવારોપણ અને ઉત્પ્રેક્ષાના પ્રયોગોની ધ્યાનાકર્ષકતા નોંધનીય છે. એમની પ્રકૃતિ કવિતાઓમાં સજીવારોપણ દ્વારા પ્રકૃતિની જીવંતતા અનુભવાય છે. સજીવારોપણ અલંકારને અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના એક કાવ્ય વિશેષ તરીકે પણ જોઈ શકાય છે. સજીવારોપણને અનિરુદ્ધ બ્રહ્મભટ્ટે લાડ લડાવ્યા છે એમ કહેવું મને વધુ યોગ્ય લાગે છે. બહુધા સજીવારોપણ અલંકારને લીધે તેમના કેટલાંક કાવ્યો આકર્ષે એમ કહેવું પણ અનુચિત લાગતું નથી. પાનખરની વિછિન્નતા અને પ્રકૃતિની પ્રતિક્ષા પણ ખાસ એમના કાવ્યમાં વણાઈને આવતી જોવા મળે, રાતના કલ્પનો પણ અનિરુદ્ધભાઈને હાથવગા રહયાની પ્રતીતિ થાય છે. ભાવને અનુરૂપ શબ્દરુપ આપવાનો કીમિયાથી અવગત કળાકાર છે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ એમ કહેવું પણ ખોટું લાગતું નથી. અથવા તો એમ કહીએ કે ભાવને શબ્દસ્થ કરવાનું કાવ્યગત માળખું તેમની એક આકર્ષક બાજુ છે.

અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ આધુનિક કવિ હોવા છતાં આધુનિકતાની વિભાવનાને પકડીને જ ચાલ્યા હોય એવું ખાસ જોવા મળતું નથી. જોકે નગર વિશેના ઉલ્લેખો, પ્રકૃતિનું કુરૂપ, એકલતા જેવા ભાવો

એમને સાધ્યા છે. પરંતુ મૂળ વાસ્તવિક જીવન પરિસ્થિતિ સાથે જોડાઈને આવતા અનુભવાય છે. તેથી એમ કહેવું જ ઉચિત લેખાશે કે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું પરંપરા અને સમકાલીનો  સાથેનું પણ અનુસંધાન રહ્યું છે. મૃત્યુના સંવેદનો જેમાં ઝીલાયા છે એ ખાસ નિજી અનુભૂતિની અભિવ્યક્તિ સમા બન્યા છે, મોટા ભાગના કાવ્યોમાં મૃત્યુ પહેલાની એની સામે ઝઝૂમવાની પ્રતિક્રિયાઓ કાવ્યોમાં પડઘાતી રહી છે. જેને તેમના જીવનની અનુભૂતિના પડઘા લેખે જોઈ શકીયે. પરંતુ તેમની મૃત્યુના સંવેદનો ઝીલતી કવિતાઓમાં તેઓ મૃત્યુ સામે ઝઝૂમતા રહેલા તેનો જ પડઘો છે એમ કહેવું ઉચિત લેખાશે નહિ. કારણ કે તેમની 'મૃત્યુને' નામની એક' કવિતા ૧૯૬૦ માં 'ક્ષિતિજ' સામયિકમાં પ્રગટ થયેલી કવિતા છે. અને તેઓ લ્યુકેમિયાની જેવી ગંભીર બીમારીનો ભોગ તો એ પછી લગભગ પંદરેક વર્ષ પછી બનેલા. અને બીજું એ પણ છે કે એ ગાળામાં એટલેકે ૧૯૬૦-૧૯૬૫ના ગાળામાં મૃત્યુને લઈને કવિતાઓ રચાયેલી જોવા મળે છે જેમાં 'મૃત્યુને' દેવકૃષ્ણ જોશી, 'મૃત્યુ'રઘુવીર ચૌધરી, 'મૃત્યુ' ગુલામ મોહમ્મદ શેખ, પાસેથી મળે છે જે ક્ષિતિજમાં પ્રગટ થયેલી. એટલે એમ કહીએ કે આવા વિષયો એમના સમકાલીન સમયમાં ખેડાતા રહ્યા છે. જોકે સમય જતાં તેમની સ્વાનુભૂતિનું બળ આ પ્રકારની કવિતામાં વધુ ઘેરું બન્યું છે. અને તેમના ઉત્તરકાલીન જીવનમાં રચાયેલા કાવ્યોમાં મૃત્યુનું નિજી સંવેદન વધુ ઘેરું બન્યું હોવાનો અનુભવ તેમના કાવ્યોમાંથી વિશેષ થાય છે. તેમની પ્રકૃતિ કવિતા જોતા તેમનો પ્રકૃતિ સાથેનો નાતો પણ અતૂટ જોવા મળે છે. પ્રકૃતિના અનેક તત્ત્વો તેમની કવિતાનું સૌંદર્ય બની રહે છે.

**પાદટીપ :**


૧. 'કિમપિ', અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, પ્ર. આર. આર. સેઠ, કંપની, પ્ર. આ. ૧૯૮૩, ( નિવેદન)

૨. એજન પૃ. ૦૮

૩. 'કવિતાઃ કાલની અને આજની', મણિલાલ હ. પટેલ, પ્ર. પાર્શ્વ પબ્લિકેશન, પ્ર. આ. ૨૦૧૧, પૃ. ૮૪

૪. 'ધ્વનિ', રાજેન્દ્ર શાહ, પ્ર. આદર્શ પ્રકાશન, પુનઃ મુદ્રણ ૧૯૯૬, પૃ. ૯૨

૫. એજન. પૃ. ૯૪

૬. 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' ૮, ખંડ-૨, પ્રકાશક : ગુજરાતી સાહિત્ય પરિષદ, પ્ર. આ. ૨૦૧૮, પૃ. ૨૬૯

૭. 'કિમપિ', અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, પ્ર. આર. આર. શેઠની કંપની, પ્ર. આ. ૧૯૮૩, પૃ. ૦૭

૮. એજન. પૃ. ૦૯

૯. 'કવિવશ્વ', સુરેશ દલાલ, ઇમેજ પબ્લિકેશન, પ્ર. આ. ૨૦૦૩, પૃ. ૦૩

૧૦. 'પ્રતિભા અને પ્રતિભાવ', સં. ઉમાશંકર જોશી, ગંગોત્રી ટ્રસ્ટ પ્રકાશન, પ્ર. આ. ૧૯૮૧, પૃ. ૮૪

૧૧. હાઇકુ -ધીરુભાઈ ઠાકર, ગુજરાતી વિશ્વકોશ, gujarativishvkosh. Org

૧૨. 'કિમપિ', અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, પ્ર. આર. આર. સેઠની કંપની, પ્ર. આ. ૧૯૮૩, પૃ. ૦૭

૧૩. 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' :૮, ખંડ-૨, ગુજરાતી સાહિત્ય પરિષદ, પ્ર. આ. ૨૦૧૮, પૃ. ૨૬૯